R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 10 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH MARCH 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

**MICROFINISH**

Pumps • Valves • Automation




**MICROFINISH VALVES PVT. LTD.**

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# ક.દ.ઓ. વિદ્યાર્થીઓના શિક્ષણ વિશે વિચાર વિમર્શ

– હીરાચંદ દંડ, Mob.: 77385 08150



આપણા વડવાઓએ કદઓ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ઉત્તમ વ્યવસ્થા કરી છે. જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલયના નિર્માણને અગ્રતાક્રમ આપવામાં આવેલ જેના સારાં પરિણામો આપણી જ્ઞાતિને મળ્યા છે. વર્ષો પહેલા તે સમયની જરૂરિયાત મુજબ વ્યવસ્થા કરવામાં આવી હતી. હવે સમય ખૂબ જ ઝડપથી બદલાઇ રહ્યો છે શિક્ષણનો વ્યાપ ખૂબજ વિસ્તરી રહ્યો છે. પરંપરાગત ક્ષેત્રો ઉપરાંત અનેક નવા વિષયોનું શિક્ષણ આજે ઉપલબ્ધ છે ત્યારે આજની જરૂરિયાત મુજબ આપણે આપણી શિક્ષણ વ્યવસ્થા સુધારવી આવશ્યક છે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રચારક સમિતિએ આપણી જ્ઞાતિમાં શિક્ષણની વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યમાં આપણા વિદ્યાર્થીઓની શું જરૂરિયાત છે તે સમજવા માટે મુંબઈમાં તા. ૧૦.૩.૨૦૨૪ના રોજ એક બેઠક બોલાવી હતી. સી.એ. કમલેશ ભાઈ વિકમશીએ સમારંભની અધ્યક્ષતા કરી હતી અને આ સેમિનારમાં વિવિધ મહાજનોના પ્રતિનિધિઓ અને શિક્ષણ પ્રેમીઓ સહિત ૮૯ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

આ બેઠકમાં જ્ઞાતિના પ્રતિનિધીઓ દ્વારા બદલાતા સમયને ધ્યાનમાં લઇ જ્ઞાતિની શિક્ષણ વ્યવસ્થાને વધુ સક્ષમ તથા પરિણામલક્ષી બનાવવા વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

વિશ્વની શૈક્ષણિક વ્યવસ્થાઓને જોઇએ ત્યારે એમ લાગે કે આવનારા ૧૦ વર્ષોમાં ટેક્નોલોજી કેટલી બધી આગળ જશે અને અનેક નવા ક્ષેત્રોનો વિકાસ થશે. આ પરિવર્તનની સાથે કદમ મિલાવવા માટે આપણે પણ કટીબદ્ધ બનવું પડશે તથા કદઓ જ્ઞાતિના વિદ્યાર્થીઓને વિકસતા વિશ્વ સાથે જોડવા માટે જાગૃત રીતે યોગ્ય દિશાના પ્રયાસો કરવા પડશે તો આપણા યુવાનો પણ વિશ્વ નાગરિક બનશે.

આ સારી શરૂઆત છે અને આવા વધુ સેમિનાર મુંબઇ અને અન્ય સ્થળોએ યોજવા જોઇએ જ્યાં આપણી ક.દ.ઓ. વસ્તી વધારે છે. આ સામાજિક જાગૃતિની પ્રક્રિયા સાતત્યપુર્ણ પ્રયાસો દ્વારા હાથ ધરવાથી વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં નવા પ્રવાહોની માહિતી પહોંચતી થશે. વર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની જરૂરિયાતને સમજ્યા પછી, જ્ઞાતિએ યોગ્ય સહાયક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેનાથી યુવાનોનું ભવિષ્ય વધુ ઉજ્જ્વળ બને.


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૦, તા. ૨૦-૦૩-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

1. Place of Publication : C/o. Hirachand Dand
A/704, Remi Bizcourt,
Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

2. Periodicity of publication : Fortnightly

3. Printer's Name : Smt. Damayanti Dashrath Rajbhar
Partner, The New Millenium Printers

Nationallty : Indian

Address : The New Millenium Printers,
14A, Patra Shed,
Sitaram Mill Compund
N. M. Joshi Marg,
Lower Parel, Mumbai - 400 013

4. Publisher's Name : Hirachand Dand

Nationality : Indian

Address : A/704, Remi Bizcourt,
Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

5. Editor's Name : Hirachand Dand

Nationality : Indian

Address : A/704, Remi Bizcourt,
Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

6. Name & Address of Owner : SHRI C.D.O.PRAKASH SAMIKSHA SAMITI
A/704, Remi Bizcourt,
Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

I Hirachand Damji Dand, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.
Date : 20.3.2024

sd/-
Hirachand Damji Dand
Signature of Publisher


**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

ભાગ : ૧૭

**ગતાંકથી ચાલુ**




માંડવીના દરિયા કિનારા જેવો જ પણ છીછરો દરિયા કિનારો - રાવલપીરનાં મંદિર પાસે આવેલ છે. શાહ સુંદરજી એ અહીં વિશાળ મંદિર સ્થાપ્યું છે. પાસે જ ધ્રબુડી કરી ગામ અને ત્યાં આવેલ વિશાળ પટાંગણમાં શંકરનું મંદિર છે. અહિંયા વસતા જાડેજાનાં કુટુંબીજનો કોઈનું મરણ થાયતો મુંડન કરાવવા અને ફુલ વહેવડાવવા અહિંયા પધારે છે.

દુર દુર દિવાદાંડી માંડવીનાં નાવિકોને સાવધાન રહેવા જણાવી રહી હતી, ત્યારે દિવાદાંડી ગુજરાતી પિક્ચરનું શ્રી દિલીપ ધોળકિયાએ લખેલું - ગાયેલું - સંગીત દઈ મઢેલું ગીત ગુંજવા લાગ્યું...

**''તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી,**
**તારા રૂપની પુનમનો પાગલ એકલો...''**

(લેખકની નોંધ :- આ લેખ લખવા બેઠો છું ત્યારે કચ્છ-માંડવી (મડઈ)નો આજે (૦૬-૦૩-૨૪)ના ૪૪૪મો સ્થાપના દિવસ છે. એક જમાનામાં અહિં ૮૪ બંદરનાં વાવટા ફરકતા. આ શહેરે ઘણી તડકા-છાંયડી જોઈ છે. તેથી રૂકમાવતી નદીનાં કિનારે વસેલ કચ્છનું ઐતિહાસીક શહેર જેને મુળ રાજસ્થાનનાં 'ભાટીયા વેપારી ટોપણ, કચ્છના મહારાવશ્રી ખેંગારજી પહેલાનાં આમંત્રણને માન આપી વસાવ્યું તેના ઈતિહાસનાં પાનામાંથી પસાર થવું જ પડે.)

ભવ્ય ઈતિહાસની સાક્ષી એવું માંડવી શહેર તેની આગવી સંસ્કૃતિ, સુંદર અને સ્વચ્છ દરિયા કિનારો, માંડવીનો જહાજ ઉદ્યોગ, વિવિધ પ્રવાસન સ્થળો, બાંધણી, એશિયાનું પ્રથમ વિન્ડફાર્મ તેમજ અહીંના મોજીલા મસ્ત માણસો અને વિવિધ ક્ષેત્રોનાં મહાનુભાવોએ સેવાના યજ્ઞમાં આપેલ આહુતિના કારણે વિશ્વભરમાં પ્રખ્યાત થયેલું છે. છેલ્લા દાયકામાં માંડવીના રહેણાંકનો વ્યાપ વધ્યો છે. જુનું કિલ્લેબંધ શહેરમાંથી ત્રણે દિશામાં સોસાયટીમાં વિસ્તરી ગયું છે, પણ એકંદરે વસતી વધતી નથી.

માંડવી વાસીઓનાં અડધા સગાવ્હાલા મસ્કત, નૈરોબીમાં વસે છે, પણ કોઈક ને કોઈક બહાને અહીં આવી જુની યાદો તાજી કરી જાય છે. ચાલો તમારી સાથે આ શહેરની કેટલીક યાદો મમળાવીએ. જેને આપણી ક.દ.ઓ જ્ઞાતિનો પણ સ્પર્શ લાગ્યો છે.

માંડવીના વહાણવટા ઉદ્યોગ સાથે આપણી જ જ્ઞાતિના સ્વ. શ્રી માણેકજી પદમશી મૈશેરી સંકળાયેલા હતા, તેમની ઓળખ ''વહાણવાળા'' તરીકે પ્રખ્યાત હતી. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા એ જ્ઞાતિના ઉત્કર્ષ માટે કેટલીક જગ્યાઓ-ધર્મશાળા બંધાવી હતી, પણ આજે એ વિરાસતોનો શિલશિલો મળતો નથી.

માંડવીને નગરપાલિકાનો દરજ્જો મળ્યો લગભગ આજથી ૭૫ વર્ષ પહેલાં. નગરપાલિકામાંથી મળતી માહિતી મુજબ તેનાં પ્રથમ નગરપતિ શ્રી નૌશીર દોરાભજી દસ્તુર હતા. (૨૫-૬-૫૧ થી ૨૪-૫-૫૨), માંડવી આમ તો ભારતના પશ્ચિમ છેવાડે આવેલું ડુબતા સૂર્યનું શહેર કહેવાય પણ પારસી નગરપતિએ આતીશની સાક્ષીએ અનેક સંકલ્પો દ્વારા વિકાસના માર્ગને પ્રજ્વલિત કરી વિકસાવાની શરૂઆત કરી.

જુનું માંડવી શહેર આજે ગીચોગીચ વસ્તી સાંકડા રસ્તામાં વિસતરેલ છે, જ્યાં આગ લાગે તો બંબો પણ પહોંચી ન શકે. માંડવી શહેર રકાબીનો આકાર લે છે તેથી અહીં અડધા કલાકમાં પડેલ ધોધમાર વરસાદથી ગટરો ઉભરાઈ જાય છે.

માંડવીનું જુનું સ્થાપત્ય : ભીમાણી ટાવર, શાકભાજીની માર્કેટ, જુની પોસ્ટ ઓફિસ, પાંચ-પાંચ જિન મંદિરો, લગભગ

દરેક સમાજની બોર્ડિંગ અથવા સમાજવાડીઓ આજે પણ અડીખમ ઉભી છે.

માંડવીનાં શેઠીયાઓએ જ્ઞાનનો ધોધ વહેવડાવી ભવિષ્યની પ્રજાને શિક્ષિત કરવા (૧) ખીમજી રામદાસ બાલિકા શાળા, (૨) શેઠશ્રી ગોકલદાસ તેજપાલ શાળા, (૩) ત્રણટુકર પ્રાથમિક અને માધ્યમિક શાળા, (૪) દરબારગઢ માધ્યમિક શાળા... આવી અનેક શાળાઓની સ્થાપના કરેલ છે. આર્ટસ અને કોમર્સની પદવી પ્રાપ્ત કરવા "શેઠશ્રી સુરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વર્ષોથી સ્નાતકોને શિક્ષણ આપે છે. છેલ્લે માંડવીના ખાણી-પીણીનાં શોખીનોએ ભુપાની દાબેલી અને ગોકુલની કડક-રગડાથી માંડવીને પરોણાગતિથી પ્રખ્યાત કરેલ છે.

અમારી બસ હવે માંડવી-ભુજનાં રસ્તે કોડાય પુલ તરફ રવાના થઈ. રસ્તામાં વૃદ્ધજનોના સહારા રૂપ શ્રી મેઘજી સોજપાલ આશ્રમ આવ્યો.



લગભગ ૭૫ વર્ષથી કૌટુંબીક કારણોસર સંતાનોથી વિખુટા પડેલા માટે આ સંસ્થા સેવા બજાવે છે.

અમારી બસ ભવ્યાતિભવ્ય ૭૨ જિનાલયનાં ગેટમાંથી અંદર પ્રવેશ કરી અહીંના અતિથીગૃહ શૈત્રુંજય પાસે આવી ઉભી રહી, રમેશભાઈ અને નીતીનીભાઈ વચ્ચે ઓફિસ પાસે જ ઉતરી પડ્યા અને નરેન્દ્રભાઈ રૂમની ફાળવણી કરવામાં વ્યસ્ત થયા. હમેંશની માફક તિલકભાઈ પોતાની તરસ છુપાવવા ગુમ થઈ ગયા. રમેશભાઈ એ યાત્રિકોનાં રજીસ્ટ્રેશનની વિધિ પતાવી. ઉતારા પર આવી સૌને નિવેદન કર્યુ કે અહીંની ભવ્યભાવના થોડી જ વારમાં શરુ થશે તેથી તૈયાર થઈ જલદીથી જિનાલયનાં રંગમંડપમાં આવવું.

આપણે રંગમંડપમાં પહોંચીએ ત્યાં સુધી આ જિનાલયની સ્થાપનાના ઈતિહાસ ઉપર એક ઉડતી નજર...

પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.નું એક ભવ્ય અને મહાન સ્વપ્ન હતું કે કચ્છની ધીંગી ધરા પર એક અતિસુંદર ૭૨ જિનાલયનું નિર્માણ કરવું. કોડાય ગામ જૈન શાસનની કાશી કહેવાય છે, જ્યારે બિદડા ગામમાં માનવસેવાની જ્યોત શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટે પ્રજ્વલિત રાખી છે. તેથી તલવાણા-કોડાય ગામ પાસે, ભુજ-માંડવી રોડનાં ચાર રસ્તે મંદિરનું નિર્માણ કરવું. ૭૨ જિનાલયનાં નિર્માણનાં સંકલ્પરૂપે નૂતન નિર્માણ પામનારા મહાતીર્થની ખનન વિધી અંગેનો ભવ્ય સમારોહ વિ.સ. ૨૦૩૯ના કારતક વદ-૫નાં શુભદિવસે, પૂજ્ય તપસ્વીરત્ન આચાર્યદેવશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં દિવ્યતાપૂર્વક ઉજવાયો.

હવે અમે બધા જિનાલયનાં રંગમંડપમાં બિરાજમાન થઈ ગયેલા અને શ્રી રફીકભાઈ સાથેના સાંજિદાઓ તબલા-ઢોલકનાં "પીળી-૨"નાં સુર મિલાવી રહ્યા હતા.

શ્રી રફીક કિ-બોર્ડ પર પોતાની આંગળીઓ ફેરવી સાથ પુરાવી રહ્યા હતા. મારા જેવા કેટલાકે સાથ પુરાવવા "ઝાંઝપખા" હસ્તગત કર્યા હતા અને "નમો અરિહંતણાં"ની ધુન બોલાવી, રફીકે પ્રથમ સ્તવન આદિનાથ પ્રભૂને સમર્પિત કરતા ઉપાડ્યું.

**"આદિનાથ સિદ્ધાચલનાથ, વંદન કોટી હોજો,**
**દાશ શરણે આવ્યો છે નાથ, મુક્તિ વહેલી દેજો..."**

ધીમે ધીમે બધા પ્રભુભક્તિમાં લીન થવા લાગ્યા અને ચોથું સ્તવન રફીકે છેડ્યું કે...

**"તું રંગાઈ જા ને રંગમાં, પ્રભુવીર તણાં સંગમાં..."**

અને અમારા વિરચંદભાઈએ, ચામરની જોડ હાથમાં લઈ ભાવભીનું નૃત્ય કરવાનું શરુ કર્યુ...

અને છેવટે "કોન્ટેક્ટ ૮૫"એ ઉચ્છામણી બોલી અને આરતી - મંગલદિવાનો લાભ લીધો.

રફીકભાઈએ માલકૌંશ રાગમાં ગાયેલ **"મારા પ્રભુની વધાઈ વાગે છે, દિનાનાથની વધાઈ વાગે છે..."** આજે પણ ગુંજે છે. (વધુ આવતાં અંકે...)



**જૈન મહાતીર્થ "૭૨ જિનાલય"- કોડાયપુલ-માંડવી.**

# મળવા જેવા માણસ...

## શ્રીમતી હર્ષાબેન ઉદયન શાહ (લોડાયા)-મોટી સિંધોડી (મુલુંડ)





જાન્યુઆરી મહિનાથી કચ્છના આપણા ગામો વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે. દેરાસરોની પ્રતિષ્ઠા, ધજા મહોત્સવ વગેરે ધાર્મિક પ્રવૃતિઓ ત્રણ મહિનાથી ચાલી રહી છે. ફેબ્રુઆરીમાં મોટી સિંધોડીના દેરાસરના પ્રતિષ્ઠા મહોત્સવે મારું વિશેષ ધ્યાન દોર્યું છે, કારણ કે મોટી સિંધોડી મહાજનના પ્રમુખ ગતિશીલ મહિલા શ્રીમતી હર્ષા ઉદયન શાહ (લોડાયા) છે, જેમણે સમગ્ર કાર્યને ખૂબ જ કુશળતાથી સંભાળ્યું હતું. શ્રીમતી હર્ષા ઉદયન શાહ - લોડાયાનો જન્મ શ્રીમતી ગુણવંતીબેન જયચંદ માણેકજી લોડાયા, કોઠારા (ગદગ)માં થયો હતો. તેઓ કોમર્સ ગ્રેજ્યુએટ છે અને તેમણ વિખ્યાત વકીલ ઍડ. ઉદયન લાલજી શાહ-લોડાયા, મુલુંડ સાથે લગ્ન કર્યા છે. લગ્ન પછીના શરૂઆતના સમયમાં તેઓ ઍડ. ઉદયનભાઈને નોટિસનો મુસદ્દો તૈયાર કરવામાં અને ટાઈપ કરવામાં મદદ કરતા હતા. તેઓ ૨૦૧૮થી મોટી સિંધોડી મહાજનના પ્રમુખ છે અને તેમની અધ્યક્ષતા હેઠળ મોટી સિંધોડી મહાજને વર્ષ ૨૦૧૮માં જૂના દેરાસરને તોડી પાડવાનું નક્કી કર્યું અને વર્ષ ૨૦૧૯માં નવા દેરાસર નિર્માણ માટે ખાત મુહુર્ત કરવામાં આવ્યું જે ૨૦૨૪માં પૂર્ણ થયું. દેરાસરનો પંચદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો અને પ્રતિષ્ઠા ૨૯મી ફેબ્રુઆરીએ કરવામાં આવી. ચાલો શ્રીમતી હર્ષાબેન પાસેથી તેમની સફર વિશે વધુ માહિતી મેળવીએ.

**પ્ર.સ.:** પુરૂષોનું વર્ચસ્વ ધરાવતી દુનિયામાં તમે મોટી સિંધોડી મહાજનના પ્રમુખ કેવી રીતે બન્યા? મોટા ભાગના મહાજનોનું નેતૃત્વ માત્ર પુરૂષ સભ્યો દ્વારા કરવામાં આવે છે અને સ્ત્રી સભ્યો માત્ર શોભાના પ્રતિનિધિઓ છે.

**હર્ષાબેનઃ** મોટી સિંધોડી મહાજનના સભ્યો ખૂબ જ નમ્ર અને વ્યવહારૂ છે. તેઓએ મહાજનના ઉપપ્રમુખ તરીકે મારું કામ જોયું હતું અને તેઓએ મને મહાજનના પ્રમુખ બનવા પ્રસ્તાવ મૂક્યો હતો. તેમનામાં એવો કોઈ પ્રકારનો અહંકાર નથી કે તેઓ મહિલાઓની અધ્યક્ષતામાં કામ ન કરી શકે. તેઓ સ્ત્રી શક્તિનું સન્માન કરે છે. જ્યારે હું માત્ર કમિટી મેમ્બર હતી ત્યારે તમામ મીટીંગમાં અને કામમાં ભાગ લેતી હતી તેથી મને વહીવટની તાલીમ મળી અને મારો આત્મવિશ્વાસ વધ્યો.

**પ્ર.સ.:** હું જાણું છું કે મોટી સિંધોડીનું દેરાસર ૮૦ વર્ષ જુનું હતું. શા માટે તે ફરીથી બનાવવામાં આવ્યું?

**હર્ષાબેનઃ** મોટી સિંધોડી સમુદ્રની ખૂબ નજીક છે અને ખારા હવામાનને કારણે દેરાસરની દિવાલોમાં તિરાડો પડવા લાગી હતી. તેમજ અચલગચ્છાધિપતિએ દિશા બદલવાનું સૂચન કર્યું અને તેથી મહાજને દેરાસરનું પુનઃનિર્માણ કરવાનું નક્કી કર્યું. અમે ૨૦૧૯માં ભૂમિપૂજન કર્યું હતું પરંતુ કોરોનાને કારણે કામમાં વિલંબ થયો હતો.

**પ્ર.સ.:** તમને અગાઉ બાંધકામના કામનો કોઈ અનુભવ હતો? તમે આટલો મોટો પડકાર કેવી રીતે ઝીલી લીધો?

**હર્ષાબેનઃ** મને બાંધકામના કામનો કોઈ અનુભવ નથી કે મને બહું ધાર્મિક જ્ઞાન નથી. પરંતુ મને મારી ટીમના જાણકાર સભ્યોનો સંપૂર્ણ સહયોગ હતો અને મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે સારા કાર્યમાં અમને દરેકનો સાથ મળશે. અમને નવા દેરાસરના નિર્માણ માટે જરૂરી દાન કોઈ પરેશાની વિના મળ્યું. આ મારો નવું શિખવાનો અનુભવ હતો. આજે હું દેરાસરના નિર્માણ માટેની જરૂરિયાતો, ધાર્મિક પ્રક્રિયાઓ અને ધાર્મિક વિધિઓ વિશે ઘણી બાબતો જાણું છું.

**પ્ર.સ.:** દેરાસરના બાંધકામના ૫ વર્ષ દરમિયાન, તમે ખૂબ જ મહેનત કરી હશે. તમે રોજિંદા કામના નિરીક્ષણનું સંચાલન કેવી રીતે કર્યું?

**હર્ષાબેનઃ** સમિતિના તમામ સભ્યોએ મને ખૂબ જ સારો ટેકો આપ્યો. અમે બધાએ એક ટીમ તરીકે સાથે કામ કર્યું. હું નિયમિતપણે મોટી સિંધોડીની મુલાકાત લેતી હતી. હકીકતમાં પ્રતિષ્ઠા પહેલા છેલ્લા બે મહિનામાં મેં પાંચ વખત મોટી સિંધોડીની મુલાકાત લીધી હતી. અને અમે બધા ક્યારેય થાક્યા નથી. દેરાસર નવનિર્માણનું અમારું સપનું પૂરું કરવાની અમારી મહત્વાકાંક્ષા હતી.

**પ્ર.સ.:** શું તમને આ મેરેથોન કાર્ય કરવા માટે તમારા પરિવારનો સહયોગ મળ્યો છે? તેઓ સહાયક હતા?

**હર્ષાબેનઃ** મારા પતિ એડ. ઉદયન એ મને કોઈપણ કામ માટે ક્યારેય રોકી નથી. તેમનું માનવું છે કે પતિ અને પત્ની બન્ને સમાન છે અને બન્નેએ પોતાની ઈચ્છા પ્રમાણે કામ કરવું જોઈએ. મારી પુત્રી એકતા પણ ખૂબ જ સપોર્ટિવ છે.

**પ્ર.સ.ઃ** ક.દ.ઓ. મહિલાઓ માટે તમારો સંદેશ શું છે?

**હર્ષાબેનઃ** મહિલાઓએ તમામ ક્ષેત્રોમાં આગળ આવવું જોઈએ. સ્ત્રીઓ પુરૂષો કરતા ઘણી સારી રીતે ઘણા કામ કરી શકે છે. આપણા સમાજે સ્ત્રી શક્તિને ઓળખવી જોઈએ. મહિલાઓએ જાહેર કાર્યમાં આગળ આવવું જોઈએ અને મહિલાઓને સંસ્થાઓનું નેતૃત્વ કરવાની તકો આપવી જોઈએ.

**પ્ર.સ.ઃ** હર્ષાબેન, સમય કાઢી માહિતી આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**– હીરાચંદ દામજી દંડ**

## ક.દ.ઓ. લેખકો–સંપાદકોને નિમંત્રણ...

માર્ચ મહિનાથી પ્ર.સ.એ એક મોટું પગલું ભર્યું છે. દર મહિને અમે સંપાદકીય ટીમ સિવાય અન્ય કોઈને પ્ર.સ. સંપાદિત કરવા અને તેના/તેમના વિચારો વાચકો સાથે શેર કરવા માટે આમંત્રિત કરીશું. આવી વ્યક્તિને લેખો સંપાદિત કરવા, તંત્રીલેખ લખવા અને અમને જરૂરી ફેરફારો સૂચવવા માટે સંપાદક જેવી સંપૂર્ણ સ્વતંત્રતા હશે. તૈયાર રહો અને મો.નં. 77385 08150 ઉપર સંપાદકને તમારી ઈચ્છા જણાવો.

પ્ર.સ.નો એપ્રિલ મહિનાનો અંક અમારા અતિથિ સંપાદિકા શ્રીમતી અલ્પા ગૌતમ ધરમશી દ્વારા સંપાદિત કરવામાં આવશે.

અમે મહિલા દ્વારા મહિલાઓ માટે નવો વિભાગ શરૂ કરવાનું પણ આયોજન કરી રહ્યા છીએ. તે ગુજરાતી કે અંગ્રેજી અથવા બન્ને ભાષામાં હોઈ શકે છે. તે ઉપરાંત બાળકો માટે અંગ્રેજીમાં Kid's Corner વિભાગ શરૂ કરવાનો છે તે માટે તથા મહિલા વિભાગ માટે સંપાદકો આવકાર્ય છે.

આપ સૌને પ્ર.સ.માં જોડાવા નિમંત્રણ.

**– તંત્રી મંડળ**

**શ્રી રાપરગઢવારી મધે નૂતન જિનાલની પૂનઃ પ્રતિષ્ઠામહોત્સવ ઐતિહાસીક રીતે ઉજવાયો તેની ખુશાલી વ્યકત કરતા બે ગીત.**

## અવસર આવ્યો રે....

અવસર આવ્યો રે.... 'તારા માણેક' આંગણે....
રૂડા માંડવા રે બંધાવો બારણે તોરણીયા રે બંધાવો...
અવસર આવ્યો રે...
કલ્પેશભાઈ ગુરૂજી તેડાવો... હીનાબેન ગહુલીઓ રે રચાવો.... ભાવનાબેન મોતીડે રે વધાવો...
અવસર આવ્યો રે...
હિતેશભાઈ કંકોતરીઓ છપાવો...
નીશાબેન કુટુંબને તેડાવો...
કલ્પનાબેન રંગોલીઓ સજાવો... અવસર આવ્યો રે...
નીલેશભાઈ વેલું રે સણગારો...
ઉષાબેન પ્રભુજીને પધરાવો..
મીતાબેન ચામર ઢાળો રે... અવસર આવ્યો રે...
જયભાઈ, અજયભાઈ, સુજયભાઈ, હાથીડા શણગારો
આહનાબેન, અવનીબેન અંબાડીએ પધારો.
'હેનાબેન ધારણી' મહાઆરતી રે ઉતરાવો...
અવસર આવ્યો રે.....

---

### રાપરગઢ અલબેલો છે

( રાગઃ સિધ્ધાચલ શીખરે દીવો રે......)

કચ્છ દેશે ડંકો વાગ્યો રે...રાપરગઢ અલબેલો છે...
અલબેલો, અલબેલો અલબલો રે... રાપરગઢ...
જયાં બિરાજે ગોડિયા પ્રભુ પાર્શ્વ રે... રાપરગઢ...
ત્યાં ભકતોની જામી છે ભીડ રે... રાપરગઢ...
શ્રધ્ધા સંવેગે ભરીયો રે... રાપરગઢ...
મેં તો રાપરનો દરીઓ તરીયો રે... રાપરગઢ...
કચ્છ દેશે નાની પંચતીર્થીનું ધામ રે... રાપરગઢ...
સૌ ભકતો પધારો રાપર ગામ રે... રાપરગઢ...
'તારા માણેક'નાં હીરલાઓ ઝળકયા રે... રાપરગઢ...
ગોડિયા પાર્શ્વના શીખરે મોરલો ટહુંકયો રે.રાપરગઢ...
પ્રભુ વિનંતી એકજ અમારી એકજ રે... રાપરગઢ...
ભવોભવ શરણું તમારું હોજો રે... રાપરગઢ...
અલબેલો... અલબેલો... અલબેલો રે...
રાપરગઢ અલબેલો છે...

**– કલ્પના કાંતિલાલ મોતા**
**રાપરગઢવારી**

આરોગ્ય પ્રકાશ

# ખૂબજ ઉપયોગી એવું વિટામીન 'ડી'

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



ઘણાને એમ લાગતું હોય છે કે વિટામીન 'ડી' ફક્ત હાડકા માટે જ જરૂરી છે પણ એ ખોટી માન્યતા છે, શરીરને નિરોગી રાખવામાં એનો ઘણો મોટો ફાળો છે. વિટામીન 'ડી' જે મુખ્યત્વે સુરજના તડકા દ્વારા આપણને મળે છે. ઘણાખરા (૯૦%થી વધુ) ભારતીયોમાં વિટામીન 'ડી'ની ઉણપ હોય છે. 30 થી 100 mg/ml. યુનિટ જેટલું શરીરમાં જોઈએ. ૧૦ થી ૩૦ ઈનસફીસ્યન્સી અને ૧૦ થી ઓછું હોય તો ડેફીસીયન્સી-પૂરેપૂરી ઉણપ છે તેમ સમજવું. સવારના ૧૧ થી ૨ વાગ્યા સુધીનો સીધો તડકો ત્વચા પર પડે તો વિટામીન 'ડી' (Maximum) પૂરેપૂરા પ્રમાણમાં બને. પોતાની પ્રકૃતિ અને ઋતુ પ્રમાણે તડકામાં ૨૦ મિનીટ સુધી બેસવું કે ચાલવું. ઉનાળામાં ૯-૧૦ વાગ્યા વચ્ચેનો તડકો સહન કરી શકાય. શિયાળામાં શક્ય હોય તો ૧૧ થી ૨ની વચ્ચે ૨૦ મિનીટ ઓછા કપડા સાથે રહેવું સલાહ ભરેલું છે. કારમાં બેઠા હો કે ઘરે કાચમાંથી તડકો આવતો હોય તેમાં બેસવાથી વિટામીન 'ડી' ન મળે. દૂધ, દૂધની ચીજો, વિટામીન 'ડી' ઉમેરેલા ખાદ્ય-પીણા વગેરેથી વિટામીન 'ડી' મળે પણ દૂધ હવે શુદ્ધ મળતા નથી. કુદરતી તડકાથી વિટામીન 'ડી' મળે તો ઉત્તમ.

તાજેતરમાં સંશોધન મુજબ પગમાં ખેંચાણ, શરીરમાં દુઃખાવો, સ્નાયુઓમાં દુઃખાવો, કરોડનો દુઃખાવો આ વિટામીનની ઉણપને કારણે હોઈ શકે છે. આવી તકલીફમાં વિટામીન 'ડી' સાથે વિટામીન B1, B12, પોટેશ્યમ, મેગ્નેશ્યમ આપવાથી દર્દીને રાહત મળે છે. (વિટામીન 'ડી'ની જેમજ ૯૦%થી વધુ શાકાહારી લોકોમાં B12 ઓછું જ હોય છે), ૪૦-૪૫ની ઉંમર પછી વિટામીન 'ડી' અને B12 ની ચેકીંગ કરાવવી ફાયદાકારક રહેશે, ઉણપ હોય તો ઈલાજ કરી ઘણી બિમારીઓથી બચી શકાય.

વિટામીન D3 એ વિટામીન 'ડી'નું કુદરતી સ્વરૂપ છે જે સૂર્યપ્રકાશમાંથી શરીર દ્વારા ઉત્પન્ન થાય છે. વિટામીન 'ડી' એ ચરબીમાં દ્રાવ્ય વિટામીન છે જે શરીરમાં કેલશ્યમ અને ફોસ્ફરસના સ્તરને નિયંત્રીત કરે છે. વિટામીન 'ડી' હાડકાના સ્વાસ્થ્ય, રોગપ્રતિકારક શક્તિ, માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે. બાળકોમાં સુક્તાન (Rickets) એ વિટામીન 'ડી'ની ઉણપનો પ્રથમ સંકેત હોઈ શકે. દરરોજ તડકામાં રહેવાથી થોડા અઠવાડીયા પછી ૨૫ (OH)Dના લોહીના સ્તરમાં 10 ng/ml નો વધારો થઈ શકે. બાળકોમાં રિકેટ્સ હોય તો એને નોર્મલ થતાં મહિનાઓ લાગી શકે.

શરીરમાં વિટામીન 'ડી'નું સ્તર ઓછું હોય તો શરીર કેલશ્યમ અને ફોસ્ફરસ યોગ્ય રીતે આંતરડામાંથી શોષી શકતું નથી અને હલનચલન કસરત ન કરાતું હોય (બેઠાડું જીવન હોય) તો કેલશ્યમ હાડકામાં જમા થતું નથી અને તેથી હાડકામાં, સાંધામા દુઃખાવો, સ્નાયુમાં દુઃખાવો, સ્નાયુની નબળાઈ, સ્નાયુઓ ખેંચાવા વગેરે તકલીફ થાય છે. જો વિટામીન 'ડી' 100ng/ml થી વધુ હોય તો પણ સ્નાયુઓમાં દુઃખાવો, મૂડ ડીસઓર્ડર (મન આનંદિત ન રહેવું) પેટમાં દુઃખાવો, અસામાન્ય થાક, ઉલ્ટી, ઉબકા, કબજીયાત, ભૂખ ન લાગવી, વારંવાર પેશાબ, કીડનીમાં પથરી જેવી તકલીફો થઈ શકે.

એક અભ્યાસમાં જણાયું છે મજ્જાતંતુની (ન્યુરોપેથીક) પીડા પર વિટામીન 'ડી' ફાયદાકરક અસર કરે છે અને ચેતાકોષિય અધોગતિ અટકાવે છે. આ વિટામીન 'ડી'ની ઉણપ ગંભીર ન્યુરોલોજીકલ રોગોની શરૂઆત હોઈ શકે છે. આ વિટામીન આપણા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે પોષક તત્ત્વ છે. ન્યુરોપ્રોટેક્ટીવ (મજ્જાતંતુનો રક્ષક) છે. ડીમેન્સીયા (ભૂલવાની બિમારી), સ્ટ્રોક (લકવો), આધાશીશી, અચાનક સંવેદનાત્મક સાંભળવાની ખોટ, ધ્યાન ન ધરી શકવું, હાઈપર એક્ટીવીટી ડીસઓર્ડર (નાના બાળકો વધુ પડતા એક્ટીવ હોય તે બિમારી), મલ્ટીપલ સ્કેલોરોસીસ સહિત વિવિધ પ્રકારના ન્યુરોલોજીક, ન્યુરો સાઈકીઆટીક અને ન્યુરોમસ્ક્યુલર (મજ્જાતંતુ, મન-મગજ અને સ્નાયુની બિમારીઓ) વગેરે તકલીફો વિટામીન 'ડી' સાથે સંકળાયેલ છે એમ હાલના સંશોધનો બતાવે છે. તે મગજના કાર્યો માટે મહત્ત્વપૂર્ણ એવા ઘણા જનિનોના નિયમન સાથે પણ સંકળાયેલ છે તે એક ન્યુરોસ્ટેરોઈડ તરીકે કામ કરે છે અને મગજના કાર્ય માટે મહત્ત્વપૂર્ણ ભુમિકા ભજવે છે.

વિટામીન 'ડી' ન્યુરોપ્રોટેક્ટીવ અસર, ન્યુરોટ્રોફીન નામના રસાયણના ઉત્પાદન અને પ્રકાશન, ન્યુરોમીડીયેટર સંશ્લેષણ, કોષની અંદર કેલશ્યમને સ્થિર કરે છે અને નર્વસ

પેશીઓને એક્સીડેટીવ નુકશાનની રોકથામ પર પ્રભાવ પાડે છે. આ એન્ટી ઓક્સિડન્ટ અને ન્યુરોપ્રોટેક્ટીવ ગુણધર્મો સાથે રોગ પ્રતિકારક છે, સ્નાયુના કાર્ય અને મગજના કોષોની પ્રવૃત્તિને ટેકો આપે છે. આ વિટામીન ઓછું હોય તો ડિપ્રેશન થઈ શકે. આ વિટામીન મૂડ અને માનસિક બિમારીને અસર કરે છે. ધ્યાન કેન્દ્રીત ન થતું હોય એટલે કે ફોકસ વધારવા, ઓછી યાદશક્તિ હોય, માનસિક ધુમ્મસ (confused mind), મૂડ બરાબર ન હોય, રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તો તેનું કારણ આ વિટામીન 'ડી'ની ઉણપ હોઈ શકે.

વિટામીન 'ડી' ત્વચાના સ્વાસ્થ્ય માટે પણ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે ત્વચામાં આર્દ્રતા (પાણી) જાળવવામાં અને સૂર્યથી થતા નુકશાન સામે રક્ષણ કરે છે. તે વાળના સ્વાસ્થ્ય માટે પણ મહત્ત્વપૂર્ણ છે. વાળ ખરતા અટકાવવા અને ખોપરીની ઉપરની ત્વચા (Scalp) ની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે.

યુવાનોને કોઈ પ્રણાલિગત રોગ ન હોય અને સ્નાયુનો દુઃખાવો, પીઠનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, કરોડનો દુઃખાવો હોય તો વિટામીન 'ડી' ની તપાસ કરાવવી એ સલાહભર્યું છે. લેખમાં અગાઉ જણાવેલ તકલીફો હોય, સહેજ વાગે ને ફ્રેક્ચર થતાં હોય. ઓસ્થીયોપોરોસીસ (હાડકાનું છીદ્રાળુપણું હોય) સંધિવાત કે આમવાત (રૂમેટોઈડ આર્થરાઈટીઝ) હોય તો વિટામીન 'ડી' ની લોહીની તપાસ કરાવી લેવી જોઈએ અને ઉણપ હોય તો આ લેખમાં જણાવ્યા મુજબ તડકો ખાવો. D3 Must કે Uprise Dની દર અઠવાડીયે એક ગોળી એમ ચાર ગોળી કુલ એક મહિનાનો કોર્સ કરવો. (રવિવારે લીધી હોય તો બીજી ગોળી ફરી રવિવારે જ લેવી. વધુ ઉણપ હોય તો Inj Arachitol ઈંજેક્શન લેવા પડે. આમ આપણે જોયું કે વિટામીન 'ડી'ફક્ત હાડકા માટે જ નહીં બીજી ઘણી આરોગ્યની બાબતમાં જરૂરી છે માટે નિયમિત ૨૦ મિનીટ તડકો લ્યો. શરીરમાં વિટામીન 'ડી'નું નોર્મલ લેવલ ૩૦ થી ૧૦૦ ng/ml જાળવી રાખો અને નિરોગી રહો.

## ફાગણ સુદ તેરસની યાત્રા અર્થે By ROAD પાલીતાણા પધારી રહેલ અમદાવાદ વડોદરા, સુરત અને મુંબઈથી આવનારા યાત્રિકો માટે ખાસ જાણકારી

અમદાવાદ તરફથી આવતા હો તો બગોદરાથી ગેલોપ્સ હોટલ ચોકડી ફેદરા ગામથી ડાબી બાજુ  પીપળીથી રાઈટ સાઈડ, નારી ચોકડી (ભાવનગર બાય પાસ) થઈ અને પાલીતાણા જવું એ રોડ ખૂબ જ સારો પડશે.

અમદાવાદથી આવનારા યાત્રિકો વાયા ધંધુકા વલભીપુર ઘાંઘળી થઈ અને સિહોર જવાનો રસ્તો ન લે કારણકે બરવાળાથી વલભીપુર અને ઘાંઘળી સુધી રસ્તો એકદમ બિસ્માર –ખરાબ હાલતમાં છે માટે શક્ય હોય તો એ રસ્તો ન લેવો.

પાલીતાણા માટે વાયા ફેદરા પીપળી ધોલેરા ચોકડી થઈ અને નારી ચોકડી થઈ પાલીતાણા જવાથી માત્ર પાંચથી સાત કિલોમીટરનો જ ફરક પડે છે તેની સામે રસ્તો ખૂબ જ સારો મળશે.

મુંબઈ – વડોદરા – સુરત – તરફથી આવતા યાત્રીકો વટામણ ચોકડી , પીપળી ચોકડી,  ધોલેરા થઈ અને નારી ચોકડીથી પાલીતાણા જવું. ધંધુકા વાળો રસ્તો ન લેવો.

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**૧૨/૧૩-૦૪-૨૦૨૪:**
વરાડીયામાં બિરાજમાન ડાઘા નુખના કુળદેવી શ્રી મોમાઇ માતાજી તથા દાદા ભલારાના મંદિરોનો ધ્વજારોહણ મહોત્સવ

**૨૧ થી ૨૩ એપ્રિલ ૨૦૨૪:**
લાલપુરમાં શ્રી ભલારા દાદા સ્થાનકે ધ્વજારોહણ સહ ચૈત્રી પૂનમ મહોત્સવ.

**૧૨.૦૫.૨૦૨૪:**
તેરામાં શ્રી દાદા ભલારા દેવસ્થાન ધ્વજારોહણ મહોત્સવ

**૧૩ થી ૧૫.૦૫.૨૦૨૪:**
શ્રી સુથરી મહાતીર્થ : શ્રી ધૃતકલ્લોલ (૧૦૮) પાર્શ્વનાથજી જિનાલયઃ૧ ૮ ૬ મો ધ્વજારોહણ મહોત્સવ.

**૧૭.૦૫.૨૦૨૪ થી ૧૯.૦૫.૨૦૨૪:**
શ્રી પરજાઉ તીર્થ  :  મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જિનાલય તથા શ્રી શિતલનાથ દેવકુલિકાની ધ્વજા મહોત્સવ, સ્નેહ સંમેલન, નૂતન પ્રવેશદ્વાર, નૂતન કાર્યાલય, મંગલગૃહ અને નુતન કેસર– સુખડગૃહ ઉદ્‌ઘાટન

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૩-૨૦૨૪

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨






**આડી ચાવીઓ :**

૧) શત્રુંજય ઉપર આવેલ એક તલાવડી (૩)
૨) ઋષભાનનના માતાનું નામ (૪)
૫) અચલગચ્છના ગુરૂ ભગવંતોના .... કાળા હોય (૨)
૬) એક અઘાતી કર્મ (૨)
૭) કચ્છનું શાંતિનાથનું તીર્થ (૩)
૮) આ આરસ કે સ્ફટિકની પણ હોય (૨)
૯) કચ્છના આ ગામમાં મુનીસુવ્રતનું જીનાલય છે (૨)
૧૧) હું છું ...... મારો જાલજો રે હાથ (૩)
૧૪) એક સ્થાનકવાસી સંપ્રદાય (૫)
૧૫) મુંબઈની આ સોસાયટીમાં ભીડભંજન પાર્શ્વનાથનું જીનાલય છે (૫)
૧૮) જીનાલયની ધજામાં ...... રંગ હોય (૧)
૧૯) સંયમનો .......... કઠીન છે (૨)
૨૦) દિક્ષા (૩)
૨૩) રાજસ્થાનનું નવલખા પાર્શ્વનાથનું તીર્થ (૨)
૨૪) એક અંધારીયો પક્ષ (૨)
૨૫) નગરનું રક્ષણ કરનાર દેવ (૪)
૨૭) એક અષ્ટમંગળ (૩)
૨૮) ગુરૂ ભગવંતોના વ્યાખ્યાન સાંભળવાથી .... મળે (૨)
૨૯) પ્રતિમાના દર્શન થતાં જ .......... બોલાય (૫)
૩૦) કેટલા તીર્થંકરના લગ્ન નથી થયા (૧)
૩૧) સમવસરણનો પ્રથમ ગઢ (૩)

**ઊભી ચાવીઓ :**

૧) પદ્મપ્રભુના બધા કલ્યાણકો આ નક્ષત્રમાં થયા છે (૨)
૨) આ તીર્થંકરને બાળકો ન હતા (૫)
૩) આ તીર્થ એક દેવને લીધે પ્રખ્યાત છે (૩)
૪) કચ્છના તેરામાં આવેલ એક પાર્શ્વનાથ (૪)
૮) એક અનંતકાય (૨)
૯) વચનના દોષ કેટલા (૨)
૧૦) આદેશ્વરનું રાજસ્થાનના શિરોહી પાસે આવેલ તીર્થ (૨)
૧૧) આવતી ચોવીસીના બારમા તીર્થંકર (૩)
૧૨) ઈલાચીકુમાર એક પાછળ મોહી પડ્યા (૨)
૧૩) માંગરોળમાં આવેલ એક પાર્શ્વનાથ (૫)
૧૪) પાંચ સમિતી અને ત્રણ ગુપ્તિ એ.... માતા કહેવાય (૬)
૧૬) ઉત્તર ગુજરાતનું અમીઝરા પાર્શ્વનાથનું તીર્થ (૩)
૧૭) દેવીઓનું નાકનું ઘરેણું (૨)
૨૧) એક પક્ષ (૨)
૨૨) રાજ .......... ચૌદ છે (૨)
૨૩) ફાગણી તેરસના ઘેટી પગલાની તળેટીમાં યાત્રાળુઓ માટે .... રાખવામાં આવે (૨)
૨૫) આદેશ્વરનું રાજસ્થાનનું તીર્થ (૩)
૨૬) વાસુપૂજ્યનું લાંછન (૨)
૨૭) પદ્મપ્રભુના પિતા (૩)

---

**ધર્મસંદેશ - ૦૫.૩.૨૦૨૪ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ગોબર (૪) જયતાક (૬) મહુડી (૮) દેવો (૯) સાંધાણ (૧૦) લોઢણ (૧૦અ) જીનજી (૧૨) ચામર (૧૫) કાત્રજ (૧૭) ભવનપતિ (૨૦) નલીયા (૨૧) વહી (૨૨) તિથલ (૨૩) કાલોદધિ (૨૪) સુદ (૨૬) તિર્થંકર (૨૭) શિબિકા. **ઊભી ચાવીઓ :** (૧) બાહુ (૩) બટવો (૫) કલ્યાણક (૬) મધ્યલોક (૭) ગોડીજી (૯) સાંજી (૧૧) નવ (૧૨) ચારૂપ (૧૩) છત્ર (૧૪) મૌન એકાદશી (૧૫) કાયા (૧૬) જહાજ (૧૭) ભવનપતિ (૧૮) વહી (૧૯) તિથલ (૨૨) તિલક (૨૫) ગુપ્તિ.

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ: ||     || શ્રી સુપાર્શ્વનાથાય નમ: ||     || શ્રી કેશરીયા આદિનાથાય નમ: ||

|| શ્રી નમો નમ: આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમ: ||

# ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની અગીયારમી ધ્વજારોહણ – સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

**દિવ્ય આશિષ :** શાસનસમ્રાટ્-રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ કૃપા–પ્રેરણા :** મોડપર તીર્થ જીર્ણોધ્ધારક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**વિધિકાર અને સંગીતકાર :** શ્રી મનોજભાઈ હીરાચંદ લોડાયા એન્ડ પાર્ટી (મોટી ખાવડી)

## ધ્વજારોહણ–વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૮૦, જેઠ સુદ ૭, ગુરૂવાર, તા. ૧૩–૦૬–૨૦૨૪**

બપોરના ૧ થી ૨ કલાકે : સાધર્મિકભક્તિ
બપોરના ૨.૩૦ કલાકે : અઢાર અભિષેકની ઉછામણીઓ
બપોરે ૩.૦૦ કલાકે : અભિષેક
સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર
સાંજના ૭.૦૦ કલાકે : ભાવના, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૧૪-૦૬-૨૦૨૪ માટે

**દ્વિતીય દિવસ : સંવત ૨૦૮૦, જેઠ સુદ ૮, શુક્રવાર, તા. ૧૪–૦૬–૨૦૨૪**

સવારના ૮.૦૦ કલાકે : નવકારશી, સવારના ૯.૦૦કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ
બપોરના ૧૨.૩૦ કલાકે : આરતી, મંગલદીવો, ઉછામણી-નકરા-ચડાવા, બહુમાન
બપોરના ૧.૦૦ કલાકે : સાધર્મિકભક્તિ, સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

**બન્ને દિવસના સાધર્મિક ભક્તિના દાતા આવકાર્ય.**

## ધ્વજારોહણના લાભાર્થી

- **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  શ્રી પાર્શ્વનાથ જિન ભક્તિ મહિલા મંડળની બહેનો
- **૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :** માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ હંસરાજ દૌલત પરિવાર હ.: વર્ષા નરેશ દૌલત, પુત્ર ચિ. ધર્મેશ અને પુત્રી કુ. કરિશ્મા (સેવક ભરૂડીયા-મુલુંડ)
- **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
  માતુશ્રી જયાબેન કુંવરજી ધરમશી પરિવાર (રંગપુર-સાંતાક્રુઝ) હ. ત્રિશા, આરના, વંશ અને વિઆન

શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાનના સાથે તેમજ શ્રી દાદા કેસરીયા આદિનાથ દાદા બન્ને ભગવાનના અભિષેક ૧ થી ૧૭નો નકરો રૂા. ૧૧૦૦/- પ્રમાણે રહેશે તથા ૧૮માં અભિષેકની ઉછામણી રૂપિયામાં બોલવામાં આવશે. આમ ટોટલ ૨ ચડાવા લેવામાં આવશે. ૧૮ અભિષેક દરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી મંગળ દીવો વિ. ચડાવા લેવામાં આવશે.

સર્વસાધારણ ફંડમાં વાર્ષિક રૂા. ૨,૭૦૦/-નો નકરો તેમજ ભોજનશાળા જીવદયામાં ફંડ લખાવી શકો છો. રકમ લખાવી રકમ આપી રસીદ મેળવી લેવી.

વાર્ષીક અષ્ટપ્રકારી આઠ પુજાનો ચડાવો પણ રૂપિયામાં રહેશે. (૧) વાક્ષેપ પુજા (૨) પક્ષાલ પુજા (૩) અંગ લુછણા (૪) બ્રાસ પુજા (૫) કેસર પુજા (૬) પુષ્પ પુજા (૭) ધુપ પુજા (૮) દિપક પુજા તેમજ આવતી ત્રણે ધ્વજાનો ચડાવાનો આદેશ અપાશે.

શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા, ૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા તથા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિરની ધ્વજાના ચડાવો પણ લેવામાં આવશે.

## નિમંત્રણ:

આ શુભ પ્રસંગે અચલગચ્છના તેમજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી તેમજ જામનગરના સર્વે ગામ પ્રમુખો-મોવડીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આજુબાજુના ગામવાસીઓને આવવા-જવવા માટે વાહન વ્યવહારનો ખર્ચ (ફક્ત ધ્વજાના દિવસે તા.૧૪-૦૬-૨૪) સંઘ તરફથી આપવામાં આવશે.

● લી. ●

શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકારના જયજિનેન્દ્ર !

સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો.: ૯૮૯૨૯ ૫૦૮૧૪

UPASANA-9820167767

દષ્ટિ કોણ

# વસંતઋતુ ન માણવાના અફસોસ



- ઍડ. કેતન લોડાયા, ગાંધીધામ મો.:૯૮૭૯૫૨૨૬૪૨

**ઉગતા ફૂલની કલીને જીવન સફરના અનુભવો કર્યા પહેલા ફોરમ ફેલાવવાનો અભરખો.. પાનખર ઋતુ આવે ત્યારે જીવનની અમૂલ્ય વસંત ઋતુ ન માણવાના અફસોસ..**

એક ફૂલને સુવાસ ફેલાવાં માટે કુદરતી નિત્યક્રમ મુજબ કલી ખીલ્યા બાદ સમયાંતરે તડકો છાંયો ને વરસાદની મૌસમ એટલે કે વસંતઋતુથી પાનખર ઋતુ આવે તે પહેલા એમાં ફેરફાર થતાં રહે પછી જ એ સુવાસ ફેલાવા માટે કાબિલ બને છે પણ આજે હાઈબ્રીજથી ઉછરેલા આ ફૂલને જલ્દી સુવાસ ફેલાવાનો અભરખો જાગ્યો છે

આજે ૨૧ મી સદી એ જ્ઞાન વિજ્ઞાન અને ટેક્નોલોજીના જમાનામાં જન્મેલા બાળકને પણ આજ સંક્રમણનો સામનો કરવો પડે છે. જન્મતાવેંત જ બાળકનું નામ દુનિયાથી અલગ રાખવા માટે તેનો કોઈ અર્થ થાય કે ના થાય, એનો ઉચ્ચારણ શુદ્ધ ના હોય તો પણ એવું નામ રાખવું. આપણા બાળકમાં અપાર શક્તિઓ છે એની ના નથી તેમજ જે આપણે ન કરી શક્યા કે આપણે ન મેળવી શક્યા તે બધું એ કરે એવી અપેક્ષા રાખીને એનું મહામૂલ્ય નાનપણ તો ઝુંટવી તો નથી રહ્યાને?

સમયથી પહેલા ને નસીબથી ઉપર કંઈ નથી એ વાત યાદ રાખીને વસંતઋતુથી પાનખર વચ્ચેની તમારી જિંદગીમાં તમને સુવાસ તો ફેલાવવાની છે. પણ એ સુવાસ ફેલાવતા-ફેલાવતા એવું ના બને કે તમે એમને બાલ્યાવસ્થાને માણવા જ ના આપો. આજનો માણસ એટલો ફાસ્ટ ભાગે છે કે પોતે તો ઝડપ સાથે કદમ મિલાવે પણ હજી બે કદમ ચાલતા શીખ્યો નથી. તે નાની કલીને પણ એના જીવનની અમૂલ્ય સમય જીવવા દેતા નથી. આજે બન્ને માતાપિતા નોકરી કરતા હોય છે અને સયુંકત પરિવારમાં રહેતા પણ ના હોઈ બાળક ને સમય પણ નથી આપી શકતા સાથે વડીલોથી એમના ઘરથુથીમાં મળવા જોઈએ એ તમામ સંસ્કારો મળશે નહીં અને ક્યારેક બન્ને વચ્ચે થતાં કંકાસ પણ બાળકો નો બચપન બરબાદ થઈ જાય છે. યા એનાથી બાળકના માનસપટ ઉપર ખરાબ અસર પડી શકે છે જે આગળ જતાં નુકશાન કરતી હોય છે.

આતો ભલું થાય સરકારનું કે શાળા પ્રવેશ માટે કડક નિયમો બનાવ્યા, નહિં તો આપણે એમને ૨ વર્ષમાં જ મૂકી આવીએ, સાથે સાથે અન્ય પ્રવુતિઓ કરાવવાનો ટ્રેન્ડ વધ્યો છે એ આપણી ગાંડી ઘેલછા પાછળ બાળકનું બચપન જ ખોવાઈ ગયું છે. બાળકને બધી એકટીવીટી કરતા એને જેમાં રસ પડતું હોય કે એનું કૌશલ્ય હોય તે રીતે એનું ઘડતર કરવું જરૂરી છે. કોઈ ફૂલ રાતોરાત સુવાસ આપવા નહિ લાગે, એને સમય આપો એને એ કાબિલ બનાવો, સફળતા એને આપોઆપ પ્રાપ્ત થશે.

જેમ પાંચ આંગળી સરખી ના હોય તેમ કોઈ પણ બાળકમાં સરખા ગુણો ના હોય એ સ્વીકારી એને માનસિક રીતે, કુદરતી ખીલવા દો. નહિં તો આપણી મહત્વકાંશાના બોજ તળે એ ઉગતા ફૂલની કલી પાનખર ઋતુ સુધી પહોંચતા વસંતઋતુ શું છે એ જાણવાનો મોકો પણ નઈ મળે. જેનો અફસોસ એને જિંદગીભર ના રહી જાય. એનાથી પહેલા જાગી જાઓ અને તમારૂં સંતાન રાતોરાત સફળતા મેળવી લેશે એ અભરખો કાઢી, એમાં સંસ્કાર અને ધર્મનું પણ સિંચન કરો અને યોગ્ય સમય આપી તમારા ફૂલને એની વસંતઋતુની મજા માણવા દો. સમય આવે પોતે જ સોનાના ઘરેણા બનાવવા જેમ ભઠ્ઠીમાં તપવું પડે ત્યારે એ આપમેળે એ ચમક મારશે અને એ નાની કલી એક સુંદર ફૂલ બની ફોરમ ફેલાવશે.

## રોટરી કલબ - રાયચંદભાઈ ધરમશી પરિવાર આયોજીત કોસ્મેટીક શિબીર

ચાલીસગામ મહારાષ્ટ્રના રોટરી ક્લબ અને શેઠ રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર સુથરી-મુંબઈ દ્વારા પ્લાસ્ટીક, કોસ્મેટીક અને હેન્ડ સર્જરી નિઃશુલ્ક શિબીર તા. ૧૬ અને ૧૭ માર્ચના આયોજીત કરવામાં આવ્યું હતુ. હેમાંગભાઈ ધરમશી અને તિલેશભાઈ મૈશેરી અતિથી વિશેષરૂપે ઉપસ્થિત હતા. અનુમાન છે કે શિબીરમાં બધી મળી બે દિવસમાં ૧૨૨ જેટલી શસ્ત્રક્રિયાઓ થઈ હતી.


વલ્લભજીભાઈ
9819286056
8369141486
9322076445
અમે જુના સોનાચાંદીના દાગીના ખરીદીએ છીએ
ઘટ કાપ્યા વિના immediate payment મળશે
We buy old Gold & Silver (Gold ₹ 65000 24 ct.)
A. J. Jewellers - Andheri(E)
દુકાન નંબર ૧, જયશ્રી સદન બિલ્ડીંગ, ગોવર્ધન હવેલીની બાજુમાં,
ઓલ્ડ નાગરદાસ જંકશાન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૯.

# ચાલો અપનાવીએ..

(આ લેખ મારા સ્મૃતિપટ અંકિત થયેલ ઘટનાઓ ઉપરથી લખું છું. સમય પ્રસંગો બરાબર ચિતરાયા ન હોય તો ક્ષમાપ્રાર્થી છું. વાચકો મંથન કરી સુધારા જણાવશો તો જ્ઞાતિના રીત-રિવાજોમાં આવી રહેલ બદલાવ ઉપર એક ઉત્તમ ચર્ચા નિર્માણ પામશે.




પ્ર. સા. ના એક-૦૬ દિનાંક : ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪માં તંત્રીશ્રીએ, તંત્રી સ્થાનેથી ''જ્ઞાતિલક્ષી વિવિધ વિષયો ઉપર આપના વિચારો આવકાર્ય છે. આપના યોગ્ય વિચારોને પ્રકાશ સમીક્ષામાં જરૂરથી સ્થાન મળશે.''

આ આહ્‌વાને લેખ લખવા પ્રોત્સાહન પૂરું પાડયું છે.

થોડા દિવસ પહેલા મુંબઈની એક પ્રાર્થના સભામાં હું હાજર હતો. આ પ્રાર્થના સભાને તેમના કુટુંબીજનોએ સદ્‌ગતની ઈચ્છા મુજબ શ્રદ્ધાંજલી સભામાં પરિવર્તીત કરી હતી. સભામાં બેઠા-બેઠા હું અતિતમાં ખોવાઈ ગયો.

મારી નજરની સમક્ષ વર્ષો પહેલા લગભગ ઈ.સ. ૧૯૫૦ની આજુબાજુ વ્યક્તિના મૃત્યુ પછી યોજાતી ''સાદડી'' અથવા તો ''ઉઠમણા''ની સભા યાદ આવી ગઈ. તે જમાનામાં વ્યક્તિના મૃત્યુ પછી સમાચાર પત્રોમાં સાદડી કે ઉઠમણાની જાહેરાત ''મૃત્યુનોંધ'' હેઠળ આપવામાં આવતી, વ્યક્તિના ''પિયરીયા કે સાસરીયા'' બંને પક્ષો તરફથી સાદડી સાથે રાખવામાં આવતી.

કુતુહલવશ આવી એક સાદડીમાં મારા પિતાશ્રી સાથે હું ગયેલ. ટૂંકમાં વ્યક્તિ કેવી રીતે અરિહંત શરણ પામી તેની સમજ, તેમના કુટુંબીજનો આપતા. સાદડી પર આવતા સ્નેહીજનો આશ્વાસનના સુર પૂરાવતા. બે થી ત્રણ કલાકમાં સાદડીની સભા પૂર્ણ થતી.

તે વખતે પિતાજી પાસેથી સાંભળેલી, અનુભવેલી વાત આજે પણ મને યાદ છે. આપણો સમાજ આવા દુઃખદ પ્રસંગે એ કુટુંબની કાળજી લેતો, ખ્યાલ રાખતો, આ વાત આજે પણ મને આશ્ચર્ય પમાડી ગઈ. પિતાજી કહેતા કે સાદડી કોઈ ગરીબ કુટુંબની હોય તો ત્યાં બિછાવેલ ''સાદડી કે શેતરંજી'' નીચે સભામાં આવનાર વ્યક્તિ થોડા રૂપિયાની નોટો ચુપચાપ સરકાવી દેતા. તેથી એ કુટુંબને ગુપ્તદાનથી થોડો સહારો મળતો.

તે વખતે સાદડીઓ આપણા કુટુંબીજનો મોટા પ્રમાણમાં મસ્જિદ બંદરની આસપાસ રહેતા હોવાથી તેમજ શ્રી અનંતનાથજીના દેરાસરમાં મહાજનના ચોપડે મૃત્યુ નોંધ લખાવી પ્રભુ પાસે દિવંગત આત્માના શ્રેયાર્થે પ્રાર્થના કરતા.

ત્યારબાદ મૃતકના નજીકના સ્નેહીજનો સવાર-સાંજ મૃતકના ઘરે હાજરી આપતા. બહારગામથી બેસણામાં આવનાર વ્યક્તિઓની સારસંભાળ લેતા. અને બાર દિવસ પછી કુટુંબીજનોની ''સુગ'' ઉતારી, વિદાય લેતા.

જમાનો બદલાઈ ગયો છે. સાદડી પ્રથા વિસરાઈ ગઈ છે. હવે તો એક પ્રાર્થનાસભાનું આયોજન રૂપિયા ૧૦ થી ૨૫ હજાર માંગી લે છે.

''સાતત્ય'' નામના પ્રકાશનમાં, સખીવૃંદ-પૂણે એ જન્મથી લઈ અરિહંત શરણ પામવા સુધીની વિધિઓનું વિસ્તારપૂર્વક આલેખન કર્યું છે. પણ સાદડી પ્રથા વિશે તેમાં કોઈ નોંધ મને જોવા ન મળી. જોકે મરણ પામેલ સ્ત્રી કે પુરુષની અંતિમયાત્રાની વિધિ અને તે પછી કરવામાં આવતા સંસ્કારો વિશે જણાવવામાં આવ્યું છે.

પણ મેં કેટલીક સ્મશાનયાત્રામાં હાજરી પૂરાવી છે, ત્યાં સેવાભાવી વ્યક્તિઓને નગરપાલિકા કે હોસ્પિટલોમાંથી મૃત્યુ સર્ટીફિકેટ, અંતિમયાત્રા માટે જુદો-જુદો સામાન, ઠાઠડીને ઠઠ્ઠાડીને બાંધવાનો અનુક્રમ અને મૃતકનું શરીર ચિતા ઉપર પુરેપુરું ભસ્મીભુત થયું છે કે નહીં તે જોવા માટે ઠાઠડીના બાંબુથી ચોક્કસાઈ કરતા જોયા છે.

આપણા રિવાજો મુજબ આપણે મૃતકના 'ફુલ' ભેગા કરી નદીમાં તરાવવા જતા નથી. સ્મશાનમાં અગ્નિદાહ પૂર્ણ થતા મૃતકના પરિવારજનો પાસે, આવેલ ડાગુઓ અને અન્ય હાથ જોડી વિદાય લે છે. પહેલાના જમાનામાં તો મૃતકના ઘર સુધી જઈ ''પાણીની છાંટ લઈ'' પછી જ વિદાય થતા. પણ આજે આ સમયના અભાવે બહુ ઓછું દેખાય છે.

આજે જોકે દોડધામની જિંદગીમાં ''કે.ડી.ઓ.વી.પી.'' માં જણાવી દેવામાં આવે છે કે દિવંગતના આત્માના શ્રેયાર્થે બાર નવકાર ગણી લેવા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. આ સુચના કે.ડી.ઓ.વી.પી. તેમજ જ્ઞાતિલક્ષી શરૂ થયેલ અન્ય વેબસાઈટ ઉપર વિગત ચકાસીને મફતમાં મુકવામાં આવે છે.

શું આજના આ સુપર ફાસ્ટ જમાનામાં જ્યારે જ્ઞાતિ દુર-દુર વિસ્તરી ગઈ છે તો આ રીતરિવાજોમાં સુધારા કરવા આવશ્યક છે...?? ?

**- સોમ ધરમશીં**

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

ના આંગણે

## શ્રી આદિનાથ જીનાલયની



### ૧૯ મી ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે

### કાયમી ધ્વજાના લાભાર્થી પરિવાર

### માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા

શુક્રવાર, તા. ૦૮/૦૩/૨૦૨૪ ના રોજ આયોજીત ધ્વજા મહોત્સવની ઝલક





જીનાલયનો ૧૯ મો ધ્વજા રોહણ પ્રસંગ ગામવાસીઓ, નિયાણી બહેનો, સગાસંબંધીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં અઢાર અભિષેક અને ૧૭ ભેદી પૂજા સહ શુક્રવાર, તા. ૦૮/૦૩/૨૦૨૪ ના રોજ ઉત્સાહ, ઉમંગ અને ભાવપૂર્વક **નવમણી પરીવારના અ. સૌ. પાલી અને ધવલ કિશોર લાપસિયાના** હસ્તે સંપન્ન થયેલ.

સતત ૧૯ માં વર્ષે મહોત્સવ માટે પરિવારજનો આમંત્રીત મહેમાનો સાથે પધારેલ અને ખુબજ ધામધૂમ પૂર્વક ઉત્સાહ સાથે મહોત્સવની ઉજવણી કરેલ. ગુરૂવાર તા. ૦૭/૦૩/૨૦૨૪ ના અઢાર અભિષેક, જાહેર પીરદાદાની ધ્વજા અને સચ્ચાઇ માતાના દર્શન-પ્રસાદ સાથે કાર્યક્રમની શરૂઆત થયેલ. તા. ૦૫/૩/૨૦૨૪ ના રોજ સૌ પરીવાર જનોએ સાથે મળી પાલીતાણા મુકામે દાદાની યાત્રા કરેલ. ત્યાંથી દડવા મુકામે રાંદલમાના દર્શન તેમજ વીરપુર મુકામે જલારામ બાપાના દર્શન કરેલ.

મહોત્સવ પ્રસંગે પધારેલ સર્વે ગામવાસીઓ, અતિથીઓ, આમંત્રિત મહેમાનો આપ સૌનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ધાર્મિક પ્રસંગની અનુમોદના કરવા માટે આપ સર્વેનો અમો ખરા હૃદયથી આભાર માનીએ છીએ. દલતુંગી ગામે રાત્રી મુકામે અને નવકારશી ની સુંદર વ્યવસ્થા માટે પ્રમુખશ્રી પ્રવિણભાઇ લાપસિયાના તેમજ ઉપપ્રમુખ શ્રી વનરાજભાઇ માલદે ના અમો ખૂબ ખૂબ અભારી છીએ.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અમારાથી કોઇનું પણ મન દુભાયુ હોય અથવા સગવડ સાચવવામાં કોઇ કચાસ રહી ગયી હોય અથવા અગડવતા પડી હોય તો આપ સર્વેની ક્ષમા માંગીએ છીએ.

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ તથા**
**માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર**

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુંબઇ) દ્વારા આયોજીત ૧૯ મી ધ્વજા મહોત્સવની ઝલક


શીતલનાથ, આદિનાથ, શાંતિનાથ દાદા


સચ્ચા માં નું મંદિર


જાહેરપીર દાદા


અઠાર અભિષેક કરતા નવમણી પરિવાર


ધ્વજાની પુજા કરતા નવમણી પરિવાર


દેરાસરની અંદરનુ મુખ્યદ્વાર


ધ્વજાની પુજા કરતા નવમણી પરિવાર


ધ્વજાની પુજા કરતા નવમણી પરિવાર


ઉર્મીલાબેન - જ્યોત્સનાબેન - હેમલતાબેન


ધર્મેશ - ધવલ - નીખીલ - પ્રિયંકા


ચીરાગ - ખુશ્બુ - અકીરા


વિજયભાઇ - બિપીનભાઇ - વનરાજભાઇ


દેરાસરના આરતી ઉતારતા
નવમણી પરિવાર


પાલી - ધવલ ધ્વજા સાથે


ધ્વજા સાથે અશોકભાઇ - મહેન્દ્રભાઇ -
ધવલ - પાલી - હેમલતાબેન - ઉર્મીલાબેન


ધ્વજા સાથે પાલી - ધવલ તથા નવમણી પરિવાર


પાલી - ધવલ તથા પરિવારજનો ધ્વજા સાથે


પ્રજ્ઞાબેન - બિપીનભાઇ, વિજયભાઇ - નિતાબેન,
ઉર્મીલાબેન - અશોકભાઇ, જીવરાજભાઇ,
સુનિલભાઇ - જ્યોતીબેન ધ્વજા સાથે

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુંબઇ) દ્વારા આયોજીત ૧૯ મી ધ્વજા મહોત્સવની ઝલક


ધ્વજા સાથે કિશોરભાઇ - સંગીતાબેન


ધ્વજા સાથે મહેન્દ્રભાઇ - હેમલતાબેન


ધ્વજા સાથે અશોકભાઇ - ઉર્મીલાબેન


ધ્વજા સાથે પીયુષ દંડ - ધર્મેશભાઇ


ધ્વજા સાથે નિખીલકુમાર - પ્રિયંકા - પ્રિયાંક


ધ્વજા સાથે ચીરાગકુમાર - ખુશ્બુ - અકીરા


ધ્વજા સાથે તન્વી - નીરજ - સાનવી


ધ્વજા સાથે રતીલાલ અનમ - ધવલ


ધ્વજા સાથે આમંત્રિત મહેમાન તથા નવમણી પરિવાર


ધ્વજા સાથે વનરાજ ધુલ્લા સાથે પરિવાર


ધ્વજા સાથે વનરાજભાઇ - ભાવનાબેન


ધ્વજા સાથે લક્ષ્મીચંદ સાવલા - દિવ્યાબેન


ધ્વજા સાથે વિજયભાઇ તથા નીતાબેન


ધ્વજા સાથે સુનિલભાઇ તથા જ્યોતીબેન


ધ્વજા સાથે વિજયભાઇ - મનોજભાઇ - જીવરાજભાઇ


ધ્વજા સાથે વનરાજભાઇ તથા જ્યોત્સનાબેન


ધ્વજા સાથે બિપીનભાઇ નાગડા તથા પ્રજ્ઞાબેન


ધ્વજા સાથે પાલી - જયેશભાઇ રાંભીયા તથા છાયાબેન - ધવલ

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુંબઇ) દ્વારા આયોજીત ૧૯ મી ધ્વજા મહોત્સવની ઝલક


ધ્વજા સાથે પ્રિયંકા ધુલ્લા - ખુશ્બુ ધુલ્લા


ધ્વજા સાથે કલ્પેશ તથા કાજલ


ધ્વજા સાથે જયંતીભાઇ ધુલ્લા - કલ્પેશ ધુલ્લા
યોગેશ ધુલ્લા - હેમલતાબેન - હંસાબેન


ધ્વજા સાથે વિમલ દંડ - દર્પણ દંડ


ધ્વજા સાથે સમીર ખોના - ઉત્તમ દંડ - હીના દંડ


ધ્વજા સાથે મહેન્દ્રભાઇ માલદે - રમીલાબેન માલદે


ધ્વજા સાથે મહેશ ધરમશી - રેખા ધરમશી - અરૂણા ધરમશી


ધ્વજા સાથે નીરજ લાપસિયા - કાંતીલાલ ધરમશી


ધ્વજા સાથે ગૃહમાતા તથા કન્યાછાત્રાલયની બહેનો


સતીશ લોડાયા પરિવાર ધ્વજા સાથે


ધ્વજા સાથે શંકર ડ્રાઇવર - ચીરાગ ધુલ્લા


ધ્વજા સાથે નીલેશભાઇ - પરેશ માલદે


ધ્વજા સાથે પ્રવિણભાઇ દંડ - મધુબેન દંડ - રાજુભાઇ દંડ


ધ્વજા સાથે જયંતીલાલ ધુલ્લા પરિવાર


ધ્વજા સાથે જગદીશ ધુલ્લા - વર્ષાબેન ધુલ્લા


ધ્વજા સાથે નરશીભાઇ ખોન પરિવાર


ધ્વજા સાથે ભરૂડીયા યુવા મંડળ


ધ્વજા સાથે ગામવાસી બહેનો

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુંબઇ) દ્વારા આયોજીત ૧૯ મી ધ્વજા મહોત્સવની ઝલક


ધ્વજા સાથે મણીલાલ ખોના - સંગીતા ખોના


ધ્વજા સાથે સરોજ લોડાયા - રેખા ખોના


ધ્વજા સાથે નીતીન ખોના - મોહીની ખોના


ધ્વજા સાથે ભરતભાઇ ધુલ્લા - મનસુખ મહારાજ


ધ્વજા સાથે રામસીંગ જાડેજા - પુષ્પાબેન જાડેજા


ધ્વજા સાથે વિધીકાર મંડળ


ધ્વજા સાથે અરવિંદ દંડ - ચંદ્રા દંડ


ધ્વજા સાથે ચેતનાબેન ધરમશી - લતાબેન ધુલ્લા


દરબાર રાજશ્રીબેન પરિવાર ધ્વજા સાથે


ધ્વજા સાથે લલીતા દંડ - કલાવંતી લોડાયા


ધ્વજા સાથે વીશનજીભાઇ નાગડા - દિવ્યા નાગડા


ધ્વજા સાથે ધવલ - પાલી, પંકજ ધરમશી - અશોક લાલકા


આમંત્રિત મહેમાન તથા નવમણી પરિવાર


રાસ રમતા ખુશ્બુ - ઉર્મિલાબેન તથા ગામજનો


ગામવાસી તથા નવમણી પરિવાર


આમંત્રિત મહેમાન તથા ગામવાસીઓ


રાસ રમતા બહેનો


વનરાજ માલદે તથા જ્યોત્સ્ના માલદે
ટ્રેનમાં ૩૮ માં લગ્નદિવસની ઉજવણી

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુંબઇ) દ્વારા આયોજીત ૧૯ મી ધ્વજા મહોત્સવની ઝલક



જાહેરપીરની ધજા સાથે ગામવાસીઓ





દલતુંગી મધ્યે ભોજનશાળામાં ઉત્તમભાઇ - વનરાજભાઇ - અશોકભાઇ - પ્રવિણભાઇ - પરેશભાઇ વગેરે



પાલીતાણા મુક્કામે નવમણી પરિવાર



દડવા મુક્કામે નવમણી પરિવાર











ધાર્મિક હાઉઝીના ઇનામ વિજેતાઓ



ધજાની પૂજા કરતા ધવલ તથા પાલી



રાયણ પગલે ધ્વજા લહેરાવતા ચિરાગ તથા નીખીલ



ધ્વજા લહેરાવતા ધવલ - પાલી તથા પરિવારજનો









ધ્વજા લહેરાવતા ઉર્મીલાબેન - ખુશ્બુ - પ્રિયંકા - ચીરાગ ધુલ્લા - નિખીલ ધુલ્લા



નીરજ તથા તન્વી

**આગામી ૨૦ મો ધ્વજારોહણ સંવત ૨૦૮૧ ના મહા વદ ૧૪, બુધવાર, તા. ૨૬/૦૨/૨૦૨૫ ના રોજ ધ્વજા રોહણ કરવામાં આવશે.**

**૨૧ મો ધ્વજારોહણ સંવત ૨૦૮૨ ના મહા વદ ૧૪ સોમવાર, તા. ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ શ્રી સિધ્ધચક્ર પુજન, ૧૮ અભિષેક, સત્તરભેદી પૂજાસહ ત્રિહાન્હિકા મહોત્સવ ધૂવાડાબંધ ગામ જમણ સાથે ખુબજ ધામધુમ પુર્વક ઉજવવામાં આવશે.**

**સર્વેને પધારવા અમારૂં અગોતરું આમંત્રણ છે.**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥



# મંજલ નગરે તીર્થાધિપતિનો ૧૪૨મો ધ્વજારોહણ તેમજ ચાતુર્માસ વધામણા-ચાતુર્માસ પ્રવેશ

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે, મંજલ રેલડીયા તીર્થ વર્તમાન જિનાલયનું ૧૪૨મો ધ્વજારોહણ શિખરે લહેરાતાં નિહાળવા તેમજ દાદાની ભક્તિ કરવા પધારો... પધારો... પધારો...

વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ-૧૦/૧૧, શુક્ર/શનિવાર, તા. ૧૭-૧૮/૦૫/૨૦૨૪ બે દિવસીય મહોત્સવમાં ૧૮ અભિષેક પૂજન, સત્તર ભેદી પૂજા, સંધ્યા ભક્તિભાવના વિધિકાર-સંગીતકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢીયા અને સાથી કલાકારોના સંગીતમય સૂરાવલીઓના સથવારે લહેરાશે.

ધ્વજાના લાભાર્થી માતુશ્રી પ્રેમિલાબેન પદમશી પાશ્વીર દંડ, હસ્તે : પુત્રવધુ અ.સૌ. રાજુલા મુકેશ દંડ, પૌત્રવધુ અ.સૌ. દામિની રાહુલ દંડ

## --:: ચાતુર્માસ વધામણા ::-

અચલગચ્છાધિપતી આ.ભ.પ.પુ. કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી શ્રી મંજલ રેલડીયા નગરે પ.પુ. સુસાધ્વી શ્રી વીરગુણાશ્રી ના શિષ્યા પ.પુ. સાધ્વી શ્રી કાવ્યગુણા શ્રી આદિ ઠાણા-૧નું ચાતુર્માસ મળેલ છે.

સંપૂર્ણ ચાતુર્માસના લાભાર્થી પરિવાર માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હીરજી વોરા પરિવાર છે.

**ચાતુર્માસ પ્રવેશ તા. ૧૪/૦૭/૨૦૨૪ને રવિવારના વહેલી સવારે રહેશે.**

તો સૌ ગામવાસી ભાઈ-બહેનો તથા નિયાણી બહેનોએ બંને પ્રસંગે સહ પરિવાર પધારી જિનશાસનની શોભામાં અભિવૃદ્ધિ કરવા ભાવભીનું આમંત્રણ છે. તો આપ સર્વે આપની પધારવાની વિગતો વેળાસર જણાવશો, જેથી સુચારુ વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક સુત્ર : શ્રી તુષાર દંડ-મો. : ૮૧૦૮૯ ૦૦૫૦૦, શ્રી રમેશ ગોસર-મો. : ૭૦૨૧૮ ૧૪૦૫૨, શ્રી સોમ ધરમશી-મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭.

## :: નિમંત્રક ::

શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઈ.
શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ, મુંબઈ.
માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હીરજી વોરા પરિવારના જય જિનેન્દ્ર



# ચતુર્થ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

## સ્વ. માનકુંવરબેન નવિનચંદ્ર લાલકા

ગામ-નલિયા, હાલે-શિહોર (મ.પ્ર.)

જન્મ તા. ૧૬.૧૦.૧૯૪૩ ❁ સ્વર્ગવાસ તા. ૨૧.૦૩.૨૦૨૦

દિવસો અને દિવસો વિતતા ગયા, મહિનાઓ અને વર્ષો વ્યતીત થયા.
પણ મનના એ આવરણ પર, અને વિચારોના વાદળાઓમાં
'મા' આપ અને આપ જ રહેલા છો.
વારંવાર અમારા સિરે હાથ ફેરવી, અમને લાડથી અને હેતથી,
એટલું જ કહો છો રહેજો હમેશા આનંદી, કરજો સદાય પ્રગતિ.
પણ 'મા' તમારા વિના આનંદ, આનંદ નથી.
પરંતુ તમારી શિખામણોને અનુસરીને, તમારા બાળકો પ્રગતિના પંથે છે.
તમારી કમી હંમેશા રહેશે, તમારી ખોટ હંમેશા ખલશે.
તમે જ્યાં પણ છો 'મા' તમારા બાળકો તમને હંમેશા યાદ કરતા રહેશે.

## -: આત્મીયજનો :-

નવિનચંદ્ર ભવાનજી લાલકા

પુત્ર-પુત્રવધુ : અ.સૌ. હેતલબેન યોગેશભાઈ લાલકા, અ.સૌ. પ્રેરણાબેન રૂપેશભાઈ લાલકા

પુત્રી-જમાઈ : અ.સૌ. રૂપાબેન નંદીશભાઈ લોડાયા

પૌત્ર-પૌત્રી-દોહિત્ર : ઉમંગ, આદિત્ય, તનિષ્કા, ધારા, નિહાર.

*Happy 50th Anniversary*

# Somachandbhai & Kalpanaben Lodaya



એક આદર્શ જોડીને તેમના

## મેરેજ એનિવર્સરીની હાર્દિક શુભકામનાઓ!!!

**તા. ૧૨.૦૩.૨૦૨૪**

આપ એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર રહો અને સદાય ખુશ રહો તેવી પ્રભુ પાસે પ્રાર્થના

સાત ફેરાથી બંધાયેલું પ્રેમનું બંધન,
જીવનભર આમ જ બંધાયેલું રહે,
કોઈની નજર ન લાગે તમારા પ્રેમને,
અને તમે દર વર્ષે આમ જ
વર્ષગાંઠ મનાવતા રહો.

**: Blessings from :**

Matushree Laxmiben Velji Lodaya Family

Matushree Khetbai Champshi Dharamshi Family

---

ઉ પ યો ગી મા હિ તી

જિનાજ્ઞા યુવા ટ્રસ્ટ સંચાલિત

## પોળોના જિનાલયોની પરિક્રમા

અમદાવાદની ભવ્ય પોળોના પ્રાચીન 119 જિનાલયો – 12000થી વધુ જિનપ્રતિમાજીની સ્પર્શના – દર્શનયાત્રા ભવ્યજિનાલયો સુધી પહોંચવા માટે

**જિનાલય પરિક્રમા**

**રીક્ષા સુવિધા**

રીક્ષાની સુવિધાના બુકીંગ માટે, ધર્મશાળામાં ઉતારા સંબંધી તથા ત્રણેય ટાઈમના ભોજન સંબંધી વિગત માટે આપ જિનાજ્ઞા યુવા ગ્રુપનો સંપર્ક કરી શકો છો.

સંપર્ક : 95588 45672, 77780 31500.

એકદાન્ત બે દિવસ અગાઉ બુકીંગ કરાવવું જરૂરી છે.

બુકીંગ સમય : સવારે 10:30 થી 12:00
બપોરે 3:00 થી 5 :00.

અન્ય આકર્ષણો : 12 રૂટ દ્વારા 119 જિનાલયોની દર્શન યાત્રા તથા 108 પાર્શ્વનાથ પ્રભુના ચાર મૂળસ્થાનકોના સ્પર્શનો લાભ.
જિનાલયોના સંક્ષિપ્ત ઇતિહાસની જાણકારી માટે ગાઇડ સુવિધા.
દરેક રૂટ પર સ્નાનાદિની વ્યવસ્થા.

આગામી આકર્ષણો : જિનાલયોનો ઇતિહાસ સાંભળવા માટે હેડફોનની સુવિધા.

: માર્ગદર્શન :
જિનાજ્ઞા યુવા ગ્રુપ સંસ્થાપિકા
પ.પૂ.સા.
શ્રી મૈત્રીરત્નાશ્રીજી મ.સા.

Jinagnya Yuva Trust

---

ભાવિ માર્ગદર્શન અને આપના હિતરક્ષણ માટે ખરીદી વખતે આપણા જ સમાજની યોગ્ય વ્યક્તિનો સંપર્ક વધારે હિતાવહ ઠરશે.

## ધ્રીયા ઈરીગેશન ટપક પદ્ધતિ

Rivulis



Per Drop...
More crop...
ટીપે-ટીપે
મબલક પાક



ચુંટણીની આચારસંહિતા લાગુ થાય તે પહેલાં જ આગામી ખેતીની સિઝનનું આયોજન કરો અને આજે જ અમારો સંપર્ક કરી રીવુલીસ ટપક પદ્ધતિની અરજી આપી અને સરકારશ્રીની સબસિડી સહાયમાં દાવેદારી નોંધાવી શકો છો... તો આજે જ અમારો સંપર્ક કરો...

આજે તક ચુકશો તો કાલે પસ્તાશો

### મહેનત ઓછી નફો વધુ

- સબસીડી ૭૦% થી ૮૫% મળવા પાત્ર
- અટલ-ભુજલ વધારાની સબસીડી (માત્ર પસંદગીના ગામો (કચ્છ)
- માત્ર ૩ જ વર્ષમાં ફુવારા (સ્પ્રીંકલ) વસાવેલા ખેડૂતોને ડ્રીપ માટે સબસીડી મળવા પાત્ર.



રૂા. ૧૦,૦૦૦/- ગેલ્વેનાઇઝ વાઈડર મશીન ફ્રી...

Free winder
* T&C Apply

Free Acid Treatment

**DHRIYA ESSENTIAL OILS**

ઉર્મિલ રમણીકલાલ ગાલા (સમાઘોઘા)

9594915013

ઓફિસ : ગુંદાલા ચોકડી, ગુંદાલા, મુંદ્રા, કચ્છ, ગુજરાત-૩૭૦ ૪૧૦.

Email : dhiryaessentialoil@gmail.com

આવો આધુનિક ખેતી તરફ વળીએ !!!

BINITA MARU - 9869034162

# અજોડ તપસ્વી ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી અંગે સંવેદના પત્ર

**નમો અરિહંતાણં**
**૨૦૮૦ મહા વદ ૯ રવિવાર તારીખ ૦૩/૦૩/૨૦૨૪**
**શ્રી કોઠારા તીર્થ(કચ્છ)**
**ગુરૂ ગુણ ચરણરજ**
**આ. કલાપ્રભસાગરસૂરિ આદિ ઠાણ-૬**

પ્રતિ,

સુવિનીત તપસ્વી મુનિરાજ શ્રી રાજશેખરસાગરજી તપસ્વી મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી આદિ ઠાણા-૨ તથા મુનિશ્રી વીરશેખરસાગરજી સાદર શાતાનું વંદના સહ.

સુદેવ ગુરુધર્માનુરાગી,

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ, તથા સંઘ સમસ્ત તથા શ્રી લાલા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન, શ્રી ઘાટકોપર ક.મૂ.પૂ. જૈન સંઘ, શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ તથા તથા મુનિશ્રીના સંસાર પક્ષે કુટુંબીજનો યોગ્ય.

સાદર ધર્મલાભ

ગત મહાવદ ૮ તા.૨ માર્ચ શનિની મધ્યરાત્રિ બાદ સાંગલી મુકામે અમારા તપસ્વી શિષ્યરત્ન ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. સમાધિ સહ કાળધર્મ પામ્યા છે. તેઓની માતૃ વડીલ ભૂમિ કચ્છ લાલા, દીક્ષા ભૂમિ ઘાટકોપર અને ગણિવર્ય પદ ભૂમિ મુલુંડ(પૂર્વ) રહેલ છે. તેઓએ આજ થી ૪૫ વર્ષો પૂર્વ વિદુષી સુસા શ્રી પુણ્યોદયશ્રીજીની પ્રેરણાથી અચલગચ્છાધિપતિ પૂ.ગુ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના શુભ હસ્તે ઘાટકોપરના સર્વોદય પાર્શ્વનાથ હોલ મધ્યે અમારા શિષ્ય તરીકે અનેરા ઉલ્લાસે ત્રિપુટી મુનિ કમલપ્રભ-ધર્મપ્રભ -નયપ્રભસાગરજી તરીકે દીક્ષા અંગીકાર કરેલ.

તેઓ પરમ વિનયી પરમ આજ્ઞાંકિત સમર્પિત પરમતપસ્વી મહાત્મા હતા. ગુરુકુલવાસ-ગચ્છ-શ્રમણ સમુદાયમાં તેઓ 'અદભૂત વૈયાવચ્ચ પ્રેમી' 'વ્હાલેરા ભાવર મ.સા.' ના નામે લોકપ્રિય મહાત્મા હતા.

અચલગચ્છાધિપતિ.પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા તથા અન્ય તપસ્વી મહાત્માઓની પારણા ભકિત તથા શ્રમણ વૈયાવચ્ચમાં સદા અગ્રેસર રહેતા.

મુંબઈથી શીખરજી તીર્થ છરીપાલિત સંઘ, શીખરજીથી શત્રુંજય તીર્થ છરીપાલિત સંઘ ૯૯ યાત્રાઓ કચ્છ, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કેરાલા (કોચીન પર્યંત) વગેરે ક્ષેત્રોમાં ઉગ્રવિહારોથી વિચર્યા, ચાતુર્માસો કર્યા અનેક સંઘો ઉપર અનેરી ઉપકાર વર્ષા કરેલ.

સરળતા-વિનય-નમ્રતા નિખાલસતા જિનાજ્ઞાપ્રેમ-ગુરૂપ્રત્યે સમર્પણ-નિયમિત પાક્ષિક પત્ર . વંદના સર્વે શ્રમણો સાથે મૈત્રી સમન્વય વગેરે તેમના દૈવી ગુણો હતા.

તેઓ એ ૬૭-૫૫-૫૧-૩૩-૩૦ ઉપવાસો, ઘણી અઠ્ઠાઈઓ, એકાસણા, ૫૦૦ આયંબિલ- વર્ષીતપો વર્ધમાન તપ વગેરે આરાધતા અજોડ તપસ્વીરત્ન મહાત્મા હતા.

તેઓને પરમ વિનયી સમર્પિત તપસ્વી મુનિરાજ શ્રીરાજશેખરસાગરજી, પ્રવચન પ્રભાવક કાર્યદક્ષ મુનિરાજ શ્રીધર્મશેખરસાગરજી, ૫૧ થી વધારે વર્ધમાન આયંબિલઓળી આરાધક મુનિરાજ શ્રી વીરશેખરસાગરજી તેઓના શિષ્ય રત્નો છે. તેઓની વય ૭૫ વર્ષની હતી

તેઓ શિઘ્ર પરમ પદ પામે એજ શુભ ભાવના

**દ:આ. કલાપ્રભસાગરસૂરિની અનુવંદના,**
**શ્રી સંઘને આદર - ધર્મલાભ**

### અબડાસાના જળાશયોમાં નર્મદા નીર

કચ્છના સૌથી મોટા વિધાનસભા મતદાર ક્ષેત્ર અબડાસામાં કેન્દ્ર અને ગુજરાતની સરકાર દ્વારા રસ્તા, આવાસ, વીજળી, પાણી અને આરોગ્ય સેવા જેવા વિકાસ કાર્યો હાથ ધરાયા છે. ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહજી જાડેજાએ માહિતી આપી હતી કે સિંચાઈ અને પીવાના પાણીની જરૂરત પૂરી કરવા મધ્યમ કદના ડેમ નર્મદાના નીરથી ભરવાની યોજના બનાવાઈ છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# અનિયમિત માસિક ફરિયાદો અને તેનો ઉપચાર - આહારમાં ફેરફાર, શારીરિક પ્રવૃત્તિઃ ભાગ-૧

**વનિતા વિશ્વ**

અનિયમિત માસિક ચક્ર અને તેનાથી સંબંધિત ફરિયાદો તાજેતરના સમયમાં વધુને વધુ પ્રચલિત બની છે. તણાવપૂર્ણ જીવનશૈલી, અયોગ્ય આહારની આદતો અને પર્યાવરણીય પરિબળો ના લીધે હોર્મોનલ અસંતુલન થાય છે, જે માસિક અનિયમિતતા તરફ દોરી જાય છે. આ લેખમાં, આપણે અનિયમિત માસિક સ્રાવ અને માસિક સ્રાવની અગવડતા માટે અસરકારક ઉપાયો તરીકે નિસર્ગોપચાર અને જીવનશૈલીમાં ફેરફારની ભૂમિકાનું અન્વેષણ કરીશું.

આધુનિક જીવનશૈલી, વધેલી તાણ, બેઠાડુ આદતો, અયોગ્ય આહાર પસંદગીઓ અને પર્યાવરણીય પ્રદૂષણ; હોર્મોનલ નિયમનના નાજુક સંતુલનને વિક્ષેપિત કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે, ત્યારબાદ માસિક ચક્રને અસર કરે છે. સમકાલીન જીવનના વિવિધ પાસાઓ માસિક સ્વાસ્થ્યને કેવી રીતે પ્રભાવિત કરે છે તેના પર અહીં એક નજર કરીએ.

**૧. ક્રોનિક સ્ટ્રેસઃ** આજની ફાસ્ટ અને અસંતોષી જીવનશૈલી વ્યક્તિઓને ક્રોનિક સ્ટ્રેસમાં લાવે છે, જે કોર્ટિસોલ જેવા સ્ટ્રેસ હોર્મોન્સને ઉત્તેજિત કરે છે. એલિવેટેડ કોર્ટિસોલ સ્તર પ્રજનન હોર્મોન્સનું સંતુલન વિક્ષેપિત કરી શકે છે, જે અનિયમિત માસિક ચક્ર તરફ દોરી જાય છે. હાઈ-સ્ટ્રેસ લેવલ પોલિસિસ્ટિક અંડાશય સિન્ડ્રોમ (PCOS) અને એમેનોરિયા જેવી પરિસ્થિતિઓમાં પણ યોગદાન આપી શકે છે, જ્યાં માસિક સ્રાવ એકસાથે બંધ થઈ જાય છે.

**૨. આહારની આદતોઃ** પ્રોસેસ્ડ ફૂડનો વ્યાપ, ખાંડનું વધુ પ્રમાણ અને અપૂરતું પોષણ હોર્મોનલ અસંતુલનમાં ફાળો આપી શકે છે. વિટામિન્સ, મિનરલ્સ અને ઓમેગા-૩ ફેટી એસિડ્સ જેવા આવશ્યક પોષક તત્ત્વોનો અભાવ ધરાવતો ખોરાક, તંદુરસ્ત માસિક ચક્ર માટે જરૂરી હોર્મોન્સનું ઉત્પાદન અને નિયમન કરવાની શરીરની ક્ષમતામાં દખલ કરી શકે છે.

**૩. શારીરિક નિષ્ક્રિયતાઃ** બેઠાડુ જીવનશૈલી, ઘણીવાર ડેસ્ક જોબ્સ સાથે જોડાયેલી હોય છે અને ટેક્નોલોજી પર નિર્ભરતા, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો કરવામાં ફાળો આપે છે. તંદુરસ્ત વજન જાળવવા, રક્ત પરિભ્રમણ સુધારવા અને હોર્મોનલ કાર્યને નિયંત્રિત કરવા માટે નિયમિત કસરત જરૂરી છે. શારીરિક પ્રવૃત્તિનો અભાવ સ્થૂળતા, ઇન્સ્યુલિન પ્રતિકાર અને હોર્મોનલ અસંતુલન જેવી સમસ્યાઓને વધારી શકે છે, જે તમામ માસિક સ્રાવની નિયમિતતાને અસર કરે છે.

**૪. ઊંઘની પેટર્નમાં ખલેલઃ** અનિયમિત ઊંઘની રીત અને અપૂરતી ઊંઘ આજના સમાજમાં સામાન્ય બની ગઈ છે. વિક્ષેપિત સર્કેડિયન મેલાટોનિન જેવા હોર્મોન્સના ઉત્પાદનને અસર કરી શકે છે અને પ્રજનન હોર્મોન્સનું સંતુલન વિક્ષેપિત કરી શકે છે. માસિક સ્રાવની સુખાકારી સહિત એકંદર સ્વાસ્થ્ય માટે પર્યાપ્ત અને સારી ઊંઘ મહત્વપૂર્ણ છે.

**૫. પર્યાવરણીય ઝેરઃ** પર્યાવરણીય ઝેરનો સંપર્ક, જેમ કે પ્લાસ્ટિક, જંતુનાશકો અને ચોક્કસ સૌંદર્ય પ્રસાધનોમાં મળતા અંતઃસ્રાવી-વિક્ષેપકારક રસાયણો, અંતઃસ્રાવી પ્રણાલીમાં દખલ કરી શકે છે. આ પદાર્થો હોર્મોન્સની ક્રિયાની નકલ કરી શકે છે અથવા તેને અવરોધિત કરી શકે છે, જે માસિક ચક્રમાં અનિયમિતતા તરફ દોરી જાય છે.

**૬. હોર્મોનલ જન્મ નિયંત્રણનો ઉપયોગઃ** જ્યારે હોર્મોનલ ગર્ભનિરોધકનો વ્યાપકપણે કુટુંબ નિયોજન માટે ઉપયોગ કરવામાં આવે છે, તે માસિક સ્રાવની નિયમિતતાને અસર કરી શકે છે. કેટલીક સ્ત્રીઓ હોર્મોનલ ગર્ભનિરોધકનો ઉપયોગ કરતી વખતે અનિયમિત ચક્ર અથવા પ્રવાહમાં ફેરફાર અનુભવે છે, અને બંધ કર્યા પછી શરીરને ફરીથી ગોઠવવામાં સમય લાગી શકે છે.

૭. શિફ્ટ વર્ક અને જેટ લેગઃ અનિયમિત કલાકો કામ કરતી અથવા વારંવાર જેટ લેગનો અનુભવ કરતી મહિલાઓને તેમની સર્કેડિયન લયમાં વિક્ષેપનો સામનો કરવો પડી શકે છે. શરીરની આંતરિક ઘડિયાળ હોર્મોનના ઉત્પાદનને પ્રભાવિત કરે છે, અને આ લયમાં ફેરફાર માસિક સ્રાવની નિયમિતતાને અસર કરી શકે છે.

માસિક સ્રાવની ફરિયાદોમાં એવા લક્ષણોની શ્રેણી હોય છે જે સ્ત્રીઓને તેમના માસિક પહેલાં, દરમિયાન અથવા પછી અસર કરી શકે છે. આ લક્ષણો તીવ્રતા અને અવધિમાં બદલાઈ શકે છે. એ નોંધવું અગત્યનું છે કે માસિક ચક્રમાં પ્રસંગોપાત ભિન્નતા સામાન્ય છે, પરંતુ સતત અથવા ગંભીર લક્ષણો પર ધ્યાન આપવુ જરૂરી છે. અહીં માસિકની ફરિયાદોના વિવિધ લક્ષણો અને કેટલાક સામાન્ય કારણો.

**માસિક ધર્મની ફરિયાદના લક્ષણોઃ**

૧.માસિક અનિયમિતતા, ૨.ચક્રની લંબાઈમાં ફેરફાર, ૩.અનિયમિત અથવા અણધાર્યો સમયગાળો, ૪.ગેરહાજર અથવા ભાગ્યે જ સમયગાળો (એમેનોરિયા), ૫.માસિક સ્રાવ દરમિયાન દુખાવો, ૬.માસિક ખેંચાણ (ડિસમેનોરિયા)

અનુસંધાન પાના નં. ૩૧ પર

એ પોઝીટીવ સ્ટોરી

# નિવૃત્તિમાં અડગ મનોબળ!

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જ્યોત

મો.નં.- **98200 39469**



સી. રાધાકૃષ્ણન્ રાવ સાઠ વર્ષની ઉંમરે સેવા નિવૃત્ત થઈ ગયા અને પૌત્ર-પૌત્રીઓ સહિત પોતાની દીકરી સાથે અમેરિકા રહેવા ગયા ત્યારે ૬૨ વર્ષની ઉંમરે એ પીટ્સ બર્ગ વિશ્વવિદ્યાલયમાં આંકડાશાસ્ત્રના પ્રોફેસર બન્યા, ૭૦ વર્ષની ઉંમરે પેસિલ્વેનિયા વિશ્વવિદ્યાલયમાં તેઓ આંકશાસ્ત્ર વિભાગના પ્રમુખ બન્યાં. ૭૫ વર્ષની ઉંમરે તેમને અમેરિકાનું ગ્રીનકાર્ડ (નાગરિકત્વ), ૮૨ વર્ષે તેમને વિજ્ઞાન વિષય માટે રાષ્ટ્રીય ચંદ્રક વાઈટ હાઉસભયબ સન્માન સાથે મળ્યું.

તેમની આયુ લાંબી છે. ૧૦૨ વર્ષની ઉંમરે તેઓ આંકડાશાસ્ત્રમાં પદ્મભૂષણ (૧૯૬૮) અને પદ્મવિભૂષણ (૨૦૦૧)થી સન્માનિત થઈ ચૂક્યા છે.

રાવસાહેબ કહે છે કે, ભારતમાં રિટાયર્મેન્ટ પછી કોઈ નથી પૂછતું. સહકર્મી વિદ્વતાનું નહીં, પણ સત્તાનું સન્માન કરે છે. ૧૦૨ વર્ષની ઉંમરે સારી શારીરિક સ્થિતિમાં નૉબેલ પારિતોષિક પ્રાપ્ત કરવું એ સંભવતઃ પહેલું ઉદાહરણ છે, આ એવી ઘટના છે જે આપણે બધાએ યાદ રાખવી ઘટે. ઉંમર બસ એક આંકડો છે, કામ કરવાની ઈચ્છા અને ઉત્કૃષ્ટતા હંમશા મહત્ત્વનું છે.

સેવા નિવૃત્ત થવાનો મતલબ અકર્મણ્ય બનવાનું નથી થતું, જીવનના અંતિમ શ્વાસ સુધી પૂરા જોશ, ઉત્સાહ અને ઉમંગ સાથે જીવન જીવવું જોઈએ.

– ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

**આંખની અત્યંત આધુનિક હૉસ્પિટલમાં સારવાર**

ઓછા ખર્ચે કે વિનામુલ્યે, વિખ્યાત ઉદ્યોગપતિ શ્રી દિલીપભાઈ સંઘવીની પ્રતિષ્ઠિત શાંતિલાલ સંઘવી આઈ ઈન્સ્ટીટ્યુટ, વડાલા (ઈસ્ટ) ખાતે, મોડર્ન મેનેજમેન્ટથી સુવિધા સજ્જ આંખની હોસ્પિટલ છે. જ્યાં દરેક પ્રકારની આંખની સારવાર ખૂબ જ રાહતના દરે શક્ય છે.

જેમને આંખની કોઈ ગંભીર બિમારી હોય, તેમને આ તક ઝડપવા અમારો સંપર્ક તુરંત કરવા નમ્ર વિનંતી છે.

---

**સાંધવ શાંતિનાથ જિનાલય ધ્વજારોહણ**

સાંધવનગરના ૧૫૮ વર્ષ પ્રાચીન શાંતિનાથ જિનાલયના ધ્વજારોહણની શાનદાર ઉજવણી કરવામાં આવી. અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૩૬ શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં ત્રિહાનિકા મહોત્સવ આયોજીત કરવામાં આવ્યો હતો. મુખ્ય દ્વારના તોરણ બંધનનો લાભ પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા, પાંચ દ્વારના તોરણ બંધનનો લાભ મા. જમકુબાઈ લાલજી પટેલ પરિવારના ફાળે રહ્યો હતો.

પ્રાતઃકાલીન સત્રમાં પ.પૂ.સા. યશોદયાશ્રીજી મ.સા., પ.પૂ.સા. ભાવગુણાશ્રીજી મ.સા.ના વ્યાખ્યાનનો લાભ મળ્યો. અપરાહન સત્રમાં પ.પૂ.મુનીરાજ સાંધવ તારક કંચનસાગરજી મ.સા.ની પુણ્યસ્મૃતિમાં અજિત શાંતિ મહાપૂજનનો લાભ પુનઃશ્ચ મા. જમકુબાઈ લાલજી પટેલ (મુલુંડ) દ્વારા લેવામાં આવ્યો હતો. આખા દિનની સાધર્મિક ભક્તિ, વથાણમાં ગૌવંશને લીલાચારો, પ્રભુજીની અંગ રચના અને મહાકાળી દેવીની ભાવના શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા એકે કરાઈ હતી.

મહોત્સવના બીજા દિવસે તા. ૨૦.૨.૨૪ના દિને પક્ષાલપૂજનનો લાભ મોટી ખાવડીના દમયંતીબેન વાલજી ખોના, શાંતિનાથ દાદાની કેશર પૂજા મા. કાંતાબાઈ આણંદજી ખોના-ગાંધીધામ, ધોરમનાથ દાદા કસ્તુરીબાઈ કેશવજી ધરમશી-સાંધાણ, મહાવીર સ્વામી ખીમજી પ્રેમજી મૈશેરી-જખૌ, અજીતનાથ જયાબેન ટોકરશી લોડાયા-કોઠારા, વિમલનાથ વિમલાબાઈ ખીમજી દંડ-વાપીએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પ્રાતઃકાલીન સત્રમાં પ.પૂ. મુનિરાજ મુક્તિરત્નસાગરજી મ.સા.ના વ્યાખ્યાન પશ્ચાત અપરાહને મહાકાળી માતાજીનું પૂજન મા. મણીબાઈ કુંવરજી મોતા હ. ચેતનાબેન પ્રવીણ મોતા ડોંબિવલી તરફથી રાખવામાં આવેલ. આખા દિવસની સાધર્મિક ભક્તિ, જીવદયા ગાયોને લીલોચારો શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ તરફથી અને પ્રભુજીની સ્વપ્નસુંદર અંગરચના મા. જેઠીબાઈ કેશવજી ધરમશી સુથરી-લોકાપુર.

ત્રીજા દિને પક્ષાલપૂજાના ચડાવાના ભાગ્યશાળી કલ્પનાબેન તેજકુમાર ધરમશી-સુથરી-લોકાપુર. કેશરપૂજા શાંતિનાથ દાદા આર્યન દિપક નાગડા-કોઠારા-વાપી, ધર્મનાથદાદા વિમલાબાઈ ખીમજી દંડ-સાંધવ-વાપી, મહાવીર સ્વામી મીનાબેન મુકેશ દંડ-સાંધવ-વાપી અજીતનાથ મધુબેન રતિલાલ નાગડા-વાપી, વિમલનાથ રાજ દીપક નાગડા-કોઠારા-વાપી. આખા દિવસની સધાર્મિક ભક્તિ, વથાણમાં લીલો ચારો અને પ્રભુજીની સુંદર અંગરચનાના લાભાર્થી સાંધવ જૈન સંઘ. ધ્વજારોહણના ચડાવાના લાભાર્થી આણંદજી હીરજી ખોના અને પદમશી કલ્યાણજી ખોના પરિવાર હતા.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ઉત્તમભાઈ મોમાયાને સાંયરા રત્ન બિરૂદ અપાયું



અબડાસા તાલુકાનાં સાંયરા ગામનાં સામાજિક કાર્યકર શ્રી ઉત્તમભાઈ ખેતશીં મોમાયાને શ્રી કચ્છી દશા ઓશવાળ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ, સાંયરા વિકાસ મંડળ, અને સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'સાંયરા રત્ન' ઍવોર્ડ સાથે બિરૂદ અપાયું હતું. શ્રી ઉત્તમભાઈ મોમાયાની સમગ્ર ગ્રામજનો અને સમાજ તથા જરૂરતમંદોને ઉપયોગી થવાની સેવાઓ અને સમાજસેવાનાં કાર્યને બિરદાવવામાં આવેલ.

સાંયરા મહાજન પ્રમુખ ભદ્રેશભાઈ પટેલ, શાંતિલાલભાઈ લોડાયા, હરીશભાઈ લોડાયા, તરૂણભાઈ લોડાયા, ચંદ્રકાંતભાઈ ખોનાના વરદહસ્તે ઉત્તમભાઈને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ. સાંયરા ગ્રામ પંચાયત, સાંયરા યુથ ફોરમ, સાંયરા સહિયર તથા ગામની વિવિધ સંસ્થાઓ, પ્રાથમિક શાળા સ્ટાફ અને વિવિધ મંડળો દ્વારા તેઓશ્રીનું બહુમાન કરવામાં આવેલ. સરપંચ હાજી હાસમ મંધરા, ધીરેનભાઈ ગોર, બીપીનભાઈ મોમાયા, પ્રબોધ મુનવર, રતિલાલ ધ્રોળ તથા વિશાળ સંખ્યામાં સાંયરાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### વિગતવાર સમાચાર મોકલવા નિવેદન

જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો, મંડળોની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના વિગતવાર સમાચારો ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલવા નિવેદન. તે ઉપરાંત વિશેષ શૈક્ષણિક, સામાજીક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓની વિગતો પણ ફોટોગ્રાફ સાથે મોકલવા વિનંતી. આપે મોકલેલા વિગતવાર સમાચારોને યથાયોગ્ય રીતે પ્રકાશિત કરવાનો અમારો પ્રયાસ રહેશે. **- તંત્રી મંડળ**

## સખીવૃંદ-પુના



તા. ૧૭ ફેબ્રુઆરીના વેલેન્ટાઈન ડે નિમીત્તે ગુલાબી થીમ ધ્યાનમાં રાખીને આપણી સખી જીવનબેન નાગડાએ Digital Collage Making જેવા સુંદર મજાના વિષય પર પોતાના નિવાસસ્થાને મીટીંગ યોજી હતી. ચાંદનીબેન લોડાયાએ જાન્યુઆરી મહિનાનો અહેવાલ રજૂ કર્યો. જીવનબેને Digital Collage શીખવવા માટે Digital Expert રીતિકા જૈનને આમંત્રિત કર્યા હતા.

Digital Collage માટે Virtual Pictures તથા Texturesનું ઉપયોગ કરીને piecing અને layering દ્વારા સુંદર અને આકર્ષક બનાવવામાં આવે છે. સૌ પ્રથમ જીવનબેને રિતિકાબેનનો સર્વ સખીઓ સમક્ષ સુંદર શાયરી દ્વારા પરિચય આપ્યો. ત્યારબાદ રિતિકાબેને સર્વ સખીઓને પોતાના ફોનમાં play store દ્વારા Canvaa App ડાઉનલોડ કરવાનું જણાવ્યું.

ત્યારબાદ એમાં પેજ લેઆઉટ સિલેક્ટ કરવું, ટેક્સ બોક્સના સહારે હેડીંગ એડ કરવું, વિવિધ ટેમ્પલેટનો વપરાશ કરીને ફોટો સેટ કરવું. રિતિકાબેને સ્માર્ટ ટીવીના સહારે સ્ટેપ બાય સ્ટેપ કોલાજ કેવી રીતે બનાવવું એ શીખવાડ્યું. સર્વ સખીઓએ પોતાના યાદગાર ફોટોના સહારે વિવિધ અને સુંદર ડીજીટલ કોલાજ તૈયાર કર્યા.

અંતમાં જીવનબેને રિતિકાબેનનો આભાર વ્યક્ત કર્યો અને સર્વ સખીઓની તૈયારી કરેલી કોલાજ પ્રિન્ટ ભેટ સ્વરૂપે આપી. વેલેન્ટાઈન ડેના ત્યોહારની ઉજવણીને ધ્યાનમાં રાખીને જીવનબેને સર્વ સખીઓને હાર્ટ શેપની ચોકલેટ આપી હતી. અંતમાં વૈશાલીબેને જીવનબેન નાગડાનો આભાર વ્યક્ત કર્યો.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન



મહાજનશ્રીની ચુંટણી આગામી ત્રણ વર્ષ (૦૧.૦૪.૨૦૨૪ થી ૩૧.૦૩.૨૦૨૭) માટે તા. ૧૮.૦૨.૨૦૨૪ રવિવારે શ્રી કુંથુનાથ જિનાલયના વિવિધલક્ષી હોલમાં કરાવવામાં આવેલ. દીપ પ્રાગટ્ય, માલા અર્પણ, નવકારમંત્ર પછી મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ વીરચંદ છેડાએ આ ત્રણ વર્ષના કાર્યકાલમાં થયેલ કાર્યોની જાણકારી આપેલ અને સમસ્ત પદાધિકારીઓ, શ્રી કુંથુનાથ મહિલા મંડળ, યુવા મંડળના સર્વે સભ્યોનો ખૂબખૂબ આભાર માનેલ અને કાંઈપણ ભૂલચૂક બદલ મિચ્છામી દુક્કડમ કરી ચુંટણી પ્રક્રિયા ચાલુ કરવાનું કહેલ. ચુંટણી અધિકારી શ્રી ગિરીશ રતિલાલ શાહને નિમવામાં આવેલ.

ચુંટણી અધિકારી દ્વારા નવા અધ્યક્ષ માટે નામ મંગાવેલ. શ્રી કુલુનકાંત ખેતશી જીવાણી અને શ્રી તરૂણ શીવજી લોડાયા દ્વારા શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાનું નામ અધ્યક્ષ પદ માટે રજુ કરવામાં આવેલ. સભામાં ઉપસ્થિત સર્વે સભ્યોએ હાથ ઉંચા કરીને એમનું સમર્થન કરેલ.

ચુંટણી અધિકારી દ્વારા સર્વ સંમતિથી નવા અધ્યક્ષ પદે શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાને ઘોષિત કરેલ. શ્રી ભુપેન્દ્ર ગોવિંદજી મોમાયા અને શ્રી તરૂણ શીવજી લોડાયા તરફથી પ્રસ્તાવ આવેલ કે નવી કાર્યકારિણીની નિયુક્તી અધ્યક્ષ દ્વારા કરવામાં આવે એનું સર્વાનુમતિથી સમર્થન કરેલ.

ચુંટણી અધિકારી દ્વારા નવા અધ્યક્ષને મંચ પર બોલાવી એમનું પુષ્પગુચ્છથી અભિનંદન કરવામાં આવેલ. નવા પ્રમુખશ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં સર્વેનો આભાર માનેલ અને બધાના સહયોગથી સમાજનું કામ આગળ વધારશું એમ જણાવેલ. શ્રી હિતેશ શરદ મોમાયા તરફથી બધાનો આભાર માનવામાં આવેલ.

### દેવકુંવરબેનની અનુમોદનીય સેવા

શ્રીમતી દેવકુંવરબેન વિશનજી મેપાણી-પરજાઉ(મુલુંડ) દ્વારા અબડાસા તાલુકાના દેરાસરોની દેવીઓના વસ્ત્રો વિનામુલ્યે બનાવવી આપવાનું અનુમોદનીય કાર્ય કરે છે. અત્યાર સુધી તેમણે લગભગ ૨૬ દેરાસરો માટે પોતાની સેવા આપી છે.

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

### કચ્છમિત્રના સહયોગથી 'હલો કચ્છ' સેમિનાર

કચ્છ મિત્ર ને જૈન યુથ ફોરમ દ્વારા 'હલો કચ્છ' કચ્છ ધ લેન્ડ ઓફ અપોર્ચ્યુનિટી સેમિનારનું આયોજન તાજેતરમાં થાણા ખાતે કરવામાં આવ્યું હતું. સેમિનારમાં માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે, જન્મભૂમિ-સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણિયા, ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશભાઈ બુચ આસિસ્ટંટ કમિશ્નર ઈન્ડસ્ટ્રીઝ એસ.બી. પરજિયા ઉપરાંત જે. વાય. એફ. જૈન યુથ ફોરમના કારોબારી સભ્ય તેજસભાઈ મામણિયા સહિત વક્તાઓએ ખાસ કરી કચ્છમાં ઝડપભેર ઉભી થઈ રહેલી વ્યવસાયિક તકો વિષે ઉંડાણથી સમજાવ્યું હતું.

### જાટાવાડા પીએમ શ્રી શાળા

વાગડના જાટાવાડા ગામને પ્રાથમિક શાળા ફરી બાળક બની ભણવાનું મન થાય એવી બની ગઈ છે. રાપર તાલુકાના જાટાવાડા ગામની પીએમશ્રી શાળા શિક્ષકો અને ગામ લોકોના સહકારથી આદર્શ શાળા બની રહી છે.

રાપરથી ૪૦ કિ.મી.ના અંતરે વ્રજવાણી બેલા માર્ગ પર આવેલી આ શાળાને હમીરભાઈ પ્રજાપતિ, પૂર્વ સરપંચ રામદેવસિંહ વાઘેલા અને બાબુભાઈ પ્રજાપતિએ શાળાને નજીક રહેલી પોતાની જમીન શાળાને ભેટ આપી. શાળાને આકર્ષક પ્રવેશ દ્વાર, આંખ ઠારતા બગીચા અને કર્તવ્યનિષ્ઠ શિક્ષકોએ આદર્શ શાળામાં ફેરવી નાખી છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની પૂરી હાજરી અને શિક્ષકોની આદર્શ ઉપસ્થિતી શાળાની શોભા વધારે છે.

### ખાવડા સોલર વીજ મથકમાં રોબોટીક ક્લીનર

ખાવડામાં અદાણી ગ્રીન એનર્જી વીજ પાર્કમાં ૧૦૦૦ મેગા વોટનું વીજ ઉત્પાદન શરૂ થઈ ગયું છે. સાથે જ એની સોલર પેનલોના ક્લીનીંગ માટે રોબોટીક ક્લીનીંગ વ્યવસ્થા કરવામાં આવી છે. ખુલામાં હોવાથી સોલર પેનલો પર ધૂળ/રજકણ જામી જાય છે જેને દૂર કરવા માટે રોબોટીક ક્લીનર મુકવામાં આવ્યા છે. આ ક્લીનરો


**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**

નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

Sonal ART

**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાની ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

પાણીનો ઉપયોગ કર્યા વિના પેનલો પર જામેલા ધૂળના થર દૂર કરશે.

અદાણી ગ્રીન એનર્જીના આ પ્રોજેક્ટમાં ૯૪૭૮ મેગા વોટની ક્ષમતા હાંસલ કરાઈ છે જે ૨૦૩૦ સુધીમાં વધારીને ૪૫૦૦૦ મેગાવોટનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનો ઈરાદો સેવે છે.

### મનીષ બારોટ હોમગાર્ડ કમાન્ડેન્ટ નિયુક્ત

ગુજરાત સરકારના ગૃહ ખાતાએ મનીષભાઈ બારોટને પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડેન્ટ તરીકે નીમવામાં આવતા સહકાર યુવક મંડળ અને માનવજ્યોત દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

### કિશોર મકવાણા રા.અ.જા. આયોગના અધ્યક્ષપદે

ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ દ્રૌપદીજી મુર્મુ દ્વારા કિશોરભાઈ મકવાણાને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (કમિશન)ના અધ્યક્ષ નીમવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મ્યુઝિયમ અને લાયબ્રેરીના સભ્ય, ૪૫ જેટલા પુસ્તકોના સંપાદક, લેખક અને પત્રકાર કિશોરભાઈ મકવાણાને અભિનંદન.

### સ્વ. જીનલ સાવલાને મહિલા એચીવર ઍવોર્ડ

ઘરેથી પર્સ, બેગ, સ્કૂલ બેગ, ઈન્સુલેટેડ લંચ બોક્સ બેગ વગેરેનું ઉત્પાદન શરૂ કરી ગજાદાર ઉદ્યોગ સાહસિકની નામના મેળવનાર ડુમરાના સ્વ. જીનલ જયેશ શાહને મરાઠી વર્તમાન પત્ર 'નવરાષ્ટ્ર' દ્વારા વૂમન એચીવર એવોર્ડ એનાયત કરાયો છે. ૧૯૯૬માં હોમ બિઝનેસ શરૂ કરી પોતાના સાહસમાં જુદા જુદા સ્થળે કામ કરતી મહિલાઓને જોડી ઘરે બેગ ઉત્પાદન કરાવતા અને એ મહિલાઓને રાત્રી શાળામાં અભ્યાસ કરવાની ફરજ પાડતા.

સ્વ. જીનલે ૭મા ધોરણ સુધીનો અભ્યાસ કચ્છમાં પછી ૮ થી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ ભાણબાઈ કન્યા છાત્રાલયમાં રહીને કર્યો હતો. ભુજપુરના વેલબાઈ ઝવેરીલાલ ગાભુ શેઠિયાની દિકરી ઝવેરબેન પ્રેમજી ગાંગજી સાવલાના પુત્રવધુની ફરજ બજાવતા સિલ્વર ટચ કંપનીના નામે વ્યવસાય કરતા હતા. તેમની સુંદર પ્રગતિની કદરરૂપે સુશ્રી પૂનમ મહાજન (સાંસદ)ના હસ્તે નવરાષ્ટ્ર વર્તમાન પત્ર દ્વારા વીમન એચીવર ઍવોર્ડ 'ક્ષિતિજનો પેલે પાર' પ્રદાન કરવામાં આવ્યો હતો.

### કોઠારા-સુથરી વચ્ચે સીસીટીવી કેમેરા

અબડાસા તાલુકાના આપણા કોઠારા અને સુથરી વચ્ચે પશ્ચિમ કચ્છ પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ કોઠારા પોલીસ દ્વારા સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે.

### કચ્છમાં મસાલા પાકની શક્યતા

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની કાઝરી શાખા દ્વારા તાજેતરમાં ભુજ ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે)માં સ્થાનીય માર્ગ, નિકાસ તેમજ ઉત્પાદન, ઉત્પાદકતા અને ગુણવત્તા વધારવા માટે બે દિવસનો રાજ્ય સ્તરીય સેમીનાર યોજાયો હતો.

### અબડાસા ધારાસભા મતક્ષેત્રમાં વિકાસ કાર્ય

અબડાસા ધારાસભા મતક્ષેત્ર (એસેમ્બલી કોન્ટીટ્યન્સી) માં આવતા અબડાસા-લખપત-નખત્રાણા તાલુકાના વિકાસ કાર્યો માટે રૂા. ૩૦ કરોડના કામ મંજુર કરાયા છે. આ કામોમાં મુખ્યત્વે વરસાદના લીધે ચોમાસામાં વિખુટા પડી જતા ગામોના રોડ નવીનીકરણ, રીસરફેસીંગ વગેરે કામો મંજુર કરાયા છે.

### પ્રો. વીરાલી વોરાને પીએચડી ડિગ્રી

વાગડ સાત ચોવીસી જૈન સમાજના રેખાબેન કીર્તિભાઈ વોરાની દીકરી વીરાલી વોરાએ સ્ટેટિસ્ટીક્સ વિષયમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજના નિવૃત્ત પ્રોફેસર ડૉ. યુ.બી. ગોઠીના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટીથી પીએચડીની ડિગ્રી મેળવી છે.

ઈંડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં કાર્યરત ડૉ. વીરાલીને અભિનંદન.

### સ્વાતી વિપુલ ગોરને સિલ્વર મેડલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીમાં હિન્દી વિષયમાં એમએની પરીક્ષામાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ સ્વાતી વિપુલ ગોર (ભુજ)ને સિલ્વર મેડલ રાજ્યપાલ દેવવ્રતજીના હસ્તે એનાયત કરાયો હતો.


Exclusive Embroidery & Upto date Finishing

ગોર જ્યોતિ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on


### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કૉન્ટેક્ટ નંબર લખવો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : **98197 93610 / E-mail : rpshah41@yahoo.com**



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૦૧.૨૦૨૪ | ડોંબિવલી | જિયાંશ, નેહા – જીગર ભરત મૈશેરી | લાલા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૨.૨૦૨૪ | ભાંડુપ | વૈભવ સુનીલ હિરાચંદ મૈશેરી | સાંધાણ | ૩૩ |
| | ભાંડુપ | નિધી નરેશ વાલજી મૈશેરી | જખૌ | ૩૨ |
| ૦૪.૦૩.૨૦૨૪ | મેઘપર–અંજાર | અંકિત રાજેશ મુલજી મૈશેરી | લાલા | ૨૬ |
| | ભુજોડી | હિરલ બિપીન નારાણજી દંડ | લાલા | ૨૬ |
| ૧૨.૦૩.૨૦૨૪ | મુલુંડ | મુંજાલ (મેહુલ) આણંદજી રતનશી મૈશેરી | મોટી સિંધોડી | ૪૩ |
| | ડોંબિવલી | પૂજા મુકેશ ભવાનજી શાહ (લોડાયા) | મોટી સિંધોડી | ૩૧ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૨.૨૦૨૪ | મુલુંડ | પાર્થ વિનય લીલાધર ઠક્કર | મુરૂ | ૨૪ |
| | મુલુંડ | હેમાંશી લાજેશ જયચંદ લોડાયા | કોઠારા | ૨૪ |
| ૨૫.૦૨.૨૦૨૪ | મુલુંડ | માનવ અજય ધરોડ | પત્રી | -- |
| | મુલુંડ | ધૈર્યા રાજેશ લખમશી મોતા | કોઠારા | ૨૭ |
| ૦૪.૦૩.૨૦૨૪ | ભિલાઈ | જીજ્ઞેશ ચંદ્રકાંત મેઘજી મોતા | લાલા | ૩૨ |
| | રાયપુર | નેહા રમેશ ભવાનજી વોરા | પત્રી | ૨૮ |
| ૦૭.૦૩.૨૦૨૪ | નવી મુંબઈ | અમન ભુપેન્દ્ર કસ્તુરી દંડ | લાખણીયા | ૨૮ |
| | પનવેલ | સીમંતીની રાજુભાઈ વીરા | બીદડા | -- |

### જ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૮.૨૦૨૩ | અંતરજાળ | ચિરાગ હિતેન્દ્ર લાલકા | વારાપધ્ધર | ૩૪ |
| | ચોપડા | કાજલ રવિન્દ્ર લોડાયા | નલિયા | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૩.૨૦૨૪ | નાશિક | મણીલાલ શામજી ધરમશી | સુથરી | ૯૫ |
| ૦૧.૦૩.૨૦૨૪ | વડોદરા | તારાચંદ શામજી ધરમશી | સુથરી | ૯૫ |
| ૦૧.૦૩.૨૦૨૪ | વડાલા | મહેન્દ્ર (ટારઝન) લક્ષ્મીચંદ લોડાયા(અજાણી) | કોઠારા | ૭૩ |
| ૦૩.૦૩.૨૦૨૪ | મુલુંડ | પુનીત વેલજી ગાલા | મંજલ | ૬૪ |
| ૦૩.૦૩.૨૦૨૪ | કોચીન | જયાબાઈ શાંતિલાલ ધરમશી | સાંયરા | ૭૯ |
| ૦૪.૦૩.૨૦૨૪ | મુલુંડ | પદમિની હિરાચંદ લોડાયા | સુથરી | ૮૩ |
| ૦૫.૦૩.૨૦૨૪ | પાંચોરા | કૌશલ્યા પદમશી શિયાલ | જખૌ | ૭૬ |
| ૦૭.૦૩.૨૦૨૪ | ગોંદીયા | લીલાવંતીબેન નવિનચંદ્ર શિયાલ | જખૌ | ૮૪ |
| ૧૨.૦૩.૨૦૨૪ | થાણા | કાંતાબેન ભવાનજી શિયાલ (ભાટે) | જખૌ | ૭૯ |
| ૧૨.૦૩.૨૦૨૪ | વડોદરા | યામીનીબેન કીર્તિચંદ પોલડીયા | ગોએરસમા | ૭૦ |
| ૧૨.૦૩.૨૦૨૪ | ભાંડુપ | ખમાબાઈ વાલજી મૈશેરી | જખૌ | ૮૮ |
| ૧૪.૦૩.૨૦૨૪ | મુલુંડ | મહેન્દ્ર વિસનજી લોડાયા | બાંઢીયા | ૬૯ |
| ૧૪.૦૩.૨૦૨૪ | સોલાપુર | સ્નેહલતા મણીલાલ લોડાયા | કોઠારા | ૮૪ |
| ૧૫.૦૩.૨૦૨૪ | ઘાટકોપર | જ્યોતીબેન મણીકાંત નાગડા | નલિયા | ૭૬ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Dhankumar Khimji Dand (PS-1370)**
A-503, Anant, Vishawadhan CHS LTD,
Sarvodaya Nagar,
Mulund (West), MH - 400 080.
M.: 98214 02770.

**Smt Ratanben Padamshi Dharamshi(PS-1458)**
803, Ace Avenue, Vijay Vilas CHSL,
Valji Ladha Road, Mulund (West),
MH - 400 080. M. : 70219 26610.

**Shri Bhavesh Meghji Lodaya (PS-1530)**
B-402, Prem Zephyr Bldg.,
V.P. Road, Opp. SMPR School,
Mulund (West), MH - 400 080.
M.: 98330 93634.

**Shri Devendra Hirji Dharamshi (PS-3327)**
504, Shivam Gold Block, 85 Hissa No 10,
Nandivali, Gaondevi Mandir,
Dombivali (East), MH - 421 201.
M.: 99305 42559.

**Shri Bharat Govindji Lodaya (PS-3711)**
A-503, Ace Anthurium, Entry Gate,
Daffodil Bldg, Everest Countryside,
Kasarvadavli, Opp. TMC Garden,
Ghodbunder Road,
Thane (West), MH - 400 615.
M.: 98197 92163.

**Shri Jitendra Babulal Dharamshi (PS-3451)**
A-204, Anand Pankaj CHS,
2nd Floor, Dindayal Road,
Opp. Anand Nagar Garden,
Dombivli (West), MH - 421 202.
M.: 96536 62882.

**Shri Mahesh Kantilal Mota (PS-6733)**
502, Aaryadev Apartment, 5th Floor,
102, Bhikamchand Jain gar,
Old Pimprala Road,
Opp. Datt Hanuman Mahadev Mandir,
Jalgaon, MH - 425 001. M.: 94044 92830.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**વનિતા વિશ્વ** પાના નં. ૨૫ પરથી ચાલુ

૭.નીચલા પેટમાં દુખાવો, ૮.પીઠનો દુખાવો, ૯.ભારે માસિક રક્તસ્રાવ (મેનોરેજિયા), ૧૦.પીરિયડ્સ વચ્ચે સ્પોટિંગ, ૧૧.પ્રિમેન્સ્ટ્રુઅલ સિન્ડ્રોમ (PMS) મૂડ સ્વિંગ, ચીડિયાપણું, સ્તન કોમળતા, પેટનું ફૂલવું, માથાનો દુખાવો, થાક, ભૂખમાં ફેરફાર, ૧૨.માથાનો દુખાવો અને માઇગ્રેન આવર્તન અથવા તીવ્રતામાં વધારો માસિક સ્રાવ સાથે સંકળાયેલ આધાશીશી હુમલા (માસિક આધાશીશી), ૧૩.સાંધા અને સ્નાયુઓમાં દુખાવો, ૧૪.પોલિસિસ્ટિક અંડાશય સિન્ડ્રોમ (PCOS): હોર્મોનલ અસંતુલન, અનિયમિત સમયગાળો અને અંડાશય પર નાના કોથળીઓની હાજરી દ્વારા વર્ગીકૃત થયેલ એક સ્થિતિ. ૧૫.ગર્ભાશય ફાઇબ્રોઇડ્સઃ ગર્ભાશયમાં કેન્સર વગરની વૃદ્ધિ જે ભારે માસિક રક્તસ્રાવ અને પેલ્વિક પીડાનું કારણ બની શકે છે. ૧૬.એન્ડોમેટ્રિઓસિસઃ એવી સ્થિતિ કે જ્યાં ગર્ભાશયની અસ્તર જેવી પેશી ગર્ભાશયની બહાર વધે છે, જેના કારણે પીડા, અનિયમિત રક્તસ્રાવ અને પ્રજનનક્ષમતાની સમસ્યાઓ થાય છે. ૧૭.એડેનોમાયોસિસઃ ગર્ભાશયની અસ્તર સ્નાયુબદ્ધ દિવાલમાં વધે છે, જેના કારણે ભારે રક્તસ્રાવ, ખેંચાણ અને પેલ્વિક પીડા થાય છે. ૧૮.થાઇરોઇડ વિકૃતિઓઃ હાઈપોથાઈરોડિઝમ અથવા હાઈપરથાઈરોઈડિઝમ જેવી વિકૃતિઓ માસિક સ્રાવની નિયમિતતાને અસર કરી શકે છે. ૧૯.અતિશય વ્યાયામ અથવા વજન ઘટાડવું: તીવ્ર શારીરિક પ્રવૃત્તિ અથવા ઝડપી વજન ઘટાડવું હોર્મોનલ સંતુલનને વિક્ષેપિત કરી શકે છે અને એમેનોરિયા તરફ દોરી શકે છે. ૨૦.તણાવઃ ક્રોનિક તણાવ હાયપોથાલેમસને અસર કરી શકે છે, માસિક ચક્રને અસર કરે છે અને અનિયમિતતાઓનું કારણ બને છે. ૨૧.પેલ્વિક ઈન્ફ્લેમેટરી ડિસીઝ (PID): પ્રજનન અંગોના ચેપ, ઘણીવાર સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ચેપને કારણે થાય છે, પેલ્વિક પીડા અને માસિક અનિયમિતતા તરફ દોરી શકે છે.

સંકલિત માહિતી (ક્રમશઃ)

BEING JAIN

# Fagan Pheri

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



March 22nd is the day when thousands of pilgrims will be performing what is known as Chha Gau Yatra. Why does every Jain wish to undertake this pilgrimage and why are the virtues of this pilgrimage considered holy and desirable to attain nirvan?

According to scriptures, on the day of Fagan Sud Teras (which falls on March 22nd this year), Lord Krishna's sons Shamb and Pradhyumna; along with eight and a half crore Jain monks, attained salvation on the Bhadwa hill situated in the Shatrunjay mountain range. Thousands of Jains throng on this day to embrace the holy Bhadwa hill, which is the land of liberation to countless souls in a single day.

This pilgrimage, considered to be thrice as auspicious as any other; is named after the distance that is travelled which is 6 Gau that is, approximately 18-20 kilometres, on feet. The journey covers many sites on the Shatrunjay Hills that are lesser known but extremely sacred. But we; who cannot undertake this pilgrimage physically, do not need to feel left out. All we need to do is to let our minds travel to the Shatrunjay foothills with a pilgrim's spirit as we read on.

The dress code for the Bhaavyatra is self restraint and pure thought. Let us still our bodies, silence our speech and dress our minds in pure conviction and devotion. Let us fill our hearts with the singular desire to attain freedom from 84 lakh feras (life and death cycles) as we set out on this Bhaav Fagan Pheri.

The pilgrimage begins at Jai Taleti, the foothills with a chaityavandan. Then; 3745 steps higher, after we reach Adeshwar Dada's Darbaar, where we bow down to the magnificent Mulnayak idol , we proceed through a small window near the Ram Pol gate, and embark on the actual route. We first reach the temple of the six sons of Devaki who took diksha under Neminath Bhagwan and attained moksh (liberation) near that spot. Proceeding along this route comes a crater called 'Ulka Jal'. It is believed that Dada Adinath Prabhu's bathing water (Pakshal) flows through the ground and resurfaces here. On the left; in a small shrine, are the footprints of Adinath Bhagwan. Here we do a chaityavandan (circumambulation).

Then comes Chandan Talavdi (pond). It is said that Chillanmuni , a disciple of Gandhar Pundarikswami- Aadinath Bhagwan's chief disciple, created this small pool so that other pilgrims could quench their thirst while climbing the mountain. It is on the banks of this lake that many sadhus performed Kayotsarg and other extreme austerities to finally reach Moksh. Let us stop at this spot and do a kausagg chanting Logassa Sutra.

Further ahead, we do darshan at the temples of Ajitnath Bhagwan and Shantinath Bhagwan. Both of these Tirthankars are said to have given a deshna (sermon) in this area. The next stop that comes on the path is called Siddhashila, named for the innumerable souls that have reached the true Siddhashila in Moksh from this spot.

The path then begins to wind around a second mountain peak. This peak is called the Bhadwa Dungar. The 'Fagan Pheri' is organised in the memory of the mass moksha on the peak of this hill as noted earlier. Here we offer our obeisance at the shrine of the great munis Pradyumna and Shaamb. As the path begins to descend, it reaches a large banyan tree. This tree is called Siddha Vad (banyan), and, was also named so for the multitude of souls liberated underneath it. Finally the path ends at the Juni Taleti (old base), the old starting point for the yatra to the Shatrunjay temples.

I am sure that this bhaav yatra will fill us with the faith that we too can destroy our karmas and elevate ourselves to the highest state of everlasting bliss!

***

Over View

# FACE FEAR, IT GOES; AVOID FEAR, IT GROWS



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

I am tempted to recall one of the favourite bedtime stories told by me to our daughters. They definitely helped them to shape their personalities. But it helped me to live, adventurously with a caution, my life, including career in IT Department.

Once there lived an old and poor man with his donkey. Near his hut, there was an open pit. It was big and deep. One day, the donkey fell into the pit. The owner didn't know what to do because he neither had money to recover that donkey from the pit nor was the donkey useful enough. The donkey was too old to carry a load of sand etc. So he decided To close the pit and bury the donkey alive. He requested his neighbours to help him in this regard and everyone came there with a spade or shovel. They pushed the extra earth and sand lying nearby into the pit.

When the donkey realized that people were going to bury her alive, she felt very scared; she was very worried and in dismay, she started braying in panic and praying to God. 'Oh God! show pity on me. Please stop the people throwing earth on me and bury me.'

A little while later, she started realizing the present condition. She stopped braying in panic and started praying to God. 'Oh God! Please don't stop the people throwing Earth on me.'

The donkey had really found its wisdom. The first prayer to stop throwing the Earth was the sheer response of the fear factor. It could not think about any possible solution for such an unprecedented situation. In the beginning the fear factor had not allowed the donkey to note the dangling solution, so it prayed to stop people throwing mud. But when it got over the fear, it discovered an excellent solution and started praying God 'not to stop the throwing earth.'

Each and every time load of sand was thrown, the donkey shrugged off the sand, fell on her back and stepped up. This shaking off and stepping up process continued till the dune in the pit came to the level of ground. The donkey came up gently, looked at the owner and people sarcastically and blew out a bellyful of nagging giggles and trotted off.

For the sake of brevity, I have avoided the numerous questions children used to ask in between.

Life is not how we hit hard but how when we are being hit hard by trifles, we move forward. We may be laden with burdens everyday. Just like the donkey, we have to shrug them off and step up. We should not be afraid of anything that hides our path because fear is nothing but an invisible imposter.

'Fear is the father of despair, the brother of procoastination, the enemy of progress and the tool of tyranny.' ( Mahatria) Born of ignorance and nursed on misguided thought, it has darkened more hopes and stifled many ambitions.

Fear is a like a loud loitering stray and barking dog. When it follows you, even you might have been gripped by unwanted fear. But, look at it or pretend to pick up a pebble to flick it; the dog will run away. If you start paniking on seeing it, it will chase you. Better to chase it than being chased. If you stay positive, even the stumbling block can appear a stepping stone. Stay bold and positive. Never get carried away with any worries. If you practice it wholeheartedly, you can find the oasis in your desert.

"Fear is not the enemy; it's a compass showing us where to grow."

डर के आगे जीत है।

# Statistics or Fantastic

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



2 decades ago on this day, She woke up with two breasts but went back to bed with only one. In terms of changes happening in her life, this was the biggest change to happen in a day.

Back then she had regrets with the demands of cancer treatment, but today she is damn sure that it was totally worth it..... Mrs X shares her journey with me to inspire others.

All these years she had upgraded herself with new talents and skills. Every year she had taken up a new goal to achieve and done that. Last year it was the re-opening of a play school. This year she will be trying her hand at different things.

It is very tragic to be a side character in your own story and that is what she was prior to cancer. She had to change that. Much of the credit goes to her son , for not just guiding her but standing by her as well to bring the change. When she decided to pursue higher education, many people had objection, but her child stood by her.

Her journey was tough but that is what made it interesting. She decided not to allow anyone to push her down, not cancer, not people nor the situation. She had given up her education, career, financial independence and a lot more earlier, but now wanted to take back her life. She did not wish to continue as a side character in the movie of her life. But wanted to be the heroine of at least her own life.

She did not wait even for her treatment to be over, and started with the first step towards earning a small amount during her chemotherapy itself. She sold toys, tailored clothes, took tuitions and did many other odd jobs. Taking up a profession is not possible without education or skill. She took the next step and started learning computers and the internet on her own.

She started with her Diploma, then graduation, and completed her master's degree as well. She funded her education through freelance writing and blogging. It was no cake walk and took 15 years to reach her goal.

She was finally back in the driver's seat of her life as she dreamt. She cannot say the દીવાર ડાયલોગ-મેરે પાસ બિલ્ડીંગ હૈ, બેંક બેલેન્સ હૈ, ગાડી હૈ બંગલા હૈ.... પરંતુ but She could once again choose the clothes she wanted to wear, the food she wanted to eat etc and just be the heroine of her own life.

They say CANCER KILLS BUT THE GOOD NEWS IS WE CAN KILL CANCER AS WELL, IF WE FIGHT BACK. YOU CAN BECOME STATISTIC OR FANTASTIC, THE CHOICE IS MOSTLY YOURS.

"The greatest glory in living lies not in never failing, but in rising every time we fail."

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

# સમાચાર

### જયેશભાઈ લાલકાને આઈડેન્ટીટી એવોર્ડ



આઈડેન્ટીટી એવોર્ડ માટે કચ્છ જિલ્લાના ૧૦ જણ પસંદ કરાયા છે જેમાં આપણી જ્ઞાતિના જયેશભાઈ લાલકાને જળ સંવર્ધન માટે એવોર્ડ એનાયત થયો છે.

### નાગપૂર મૈત્રી મહિલા મંચ




મહિલા દિવસના ઉપલક્ષ્યમાં તા. ૭ માર્ચ શનિવારના વૃદ્ધાશ્રમમાં ૫૦ વૃદ્ધ મહિલા અને પુરૂષ છે તેમના માટે સંતરા, દ્રાક્ષ, સફરજન, તરબૂજ લઈ ગયા હતા. મહિલા મંચમાંથી મધુ નીતીન મુનવર, તૃપ્તિબેન ખોના, પ્રગતિ ખોના, ભાવિની દંડ, સુમતિ લોડાયા, મોહિની મૈશેરીએ હાજરી આપી.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી વુમન્સ ડે



શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી આયોજીત વુમન્સ ડે નો કાર્યક્રમ મુલુંડ ખાતે ખૂબ જ સારી રીતે ઉજવાયો. સારી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. અને અવનવી ગેમ તથા હાઉઝી રમાડવામાં આવી હતી. માતુશ્રી લક્ષ્મીબેન લોડાયાનું પ્રગતિ મહિલા મંડળ દ્વારા નારી- સન્માન કરવામાં આવ્યું હતું.

### કચ્છથી ડચ - દિશા દંડ



ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની દિશા મહિમા-મોહિત દંડ સાથે પાંચ વિદ્યાર્થીઓની ટીમે ૨૦૨૪ મૂટ કૉમ્પીટીશન દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં નેધરલેન્ડ્સ (ડચ ભૂમી)ના હેગ શહેરમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે. મૂટ કોર્ટ કાયદાના શિક્ષણનો એક પ્રકાર છે. રાષ્ટ્રની કુલ ૫૦ લીગલ ટીમોમાં વિજેતા રહેલી પાંચ ટીમોમાં પ્રથમ રહેલા તેરાના હુબલી-ગાંધીનગરમાં અભ્યાસ કરતા દિશા મહિમા-મોહિત દંડે અદ્વિતીય સિદ્ધિ હાંસલ કરી છે.

### WIAA આયોજીત વીમન્સ કાર રેલી




WIAA - વેસ્ટર્ન ઈંડિયા ઑટોમોબાઈલ એસોસિએશનના નેજા હેઠળ મહિલાઓની મુંબઈ પુણે કાર રેલી યોજવામાં આવી હતી. વરીષ્ઠ મહિલા નાગરિક શ્રીમતી હર્ષદા જિનેન્દ્ર ધરમશી (ઉં.વ.૬૫) રેલીમાં સૌથી વધુ ઉંમરના પ્રત્યાશી હતા.

### KDO ક્લાસિકના સભ્યોની MITC રોલિંગ મિલ્સ ફેક્ટરીની મુલાકાત



KDO ક્લાસિકના પદાધિકારીઓ અને સમિતિના સભ્યોએ ૧૬મી માર્ચ ૨૦૨૪ ના રોજ નાસિક ખાતે શેઠ શ્રી ચાંપશીભાઈ શાહ તથા દમયંતીબેન શાહના પરિવાર દ્વારા સ્થાપિત MITC રોલિંગ મિલ્સ ફેક્ટરીની મુલાકાત લીધી . પ્રતિદિન લગભગ ૧૦૦૦ ટન બાંધકામ સ્ટીલનું ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે, ૩૦૦૦ ટન સુધી વિસ્તરણ કરી શકાય તેવી આ ફેક્ટરી ઔદ્યોગિક પરાક્રમની દીવાદાંડી તરીકે ઉભી છે. ૧૩૦૦ થી વધુ વ્યક્તિઓ માટે રોજગારની તકો સ્થાનિક અર્થતંત્ર તેમજ આપણા જ્ઞાતિજનોના વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનને દર્શાવે છે. વધુમાં તેની ફોર્જિંગ ક્ષમતાઓ અને ખાંડ ઉદ્યોગો માટે તૈયાર કરાયેલ વિશિષ્ટ ઉત્પાદન ઓફર તેની વૈવિધ્યતા અને નવીનતાને દર્શાવે છે. એક કુટુંબ એકમ દ્વારા સંચાલિત, આ પ્રકારની સ્થાપના નિઃશંકપણે KDO માટે ગૌરવનો સ્રોત છે, જે ઉદ્યોગમાં શ્રેષ્ઠતા અને પ્રગતિ માટે તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001



## મુમુક્ષુ કુમારી નમ્યતાબેનને દીક્ષા મુહુર્ત પ્રદાન

પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરિશ્વરજી મહારાજા સાહેબના આજ્ઞા આશિષે પૂજ્યશ્રીના વરદ હસ્તે મુમુક્ષુ કુમારી નમ્યતાબેન (હીનાબેન અનિલભાઈ નાગડા જખૌ હાલ ગોરેગામની દીકરી)ને જસાપુર રત્ના પ.પૂ.સા. શ્રી મૌનગુણાશ્રીજી મહારાજ સાહેબના પરિવારમાં વિ.સ. ૨૦૮૦ ચૈત્ર વદ ૧૩ રવિવાર ૦૫/૦૫/૨૦૨૪ના દીક્ષા મુહુર્ત પ્રદાન કરેલ છે.

## મોટી સિંધોડી નગરે શ્રી નેમિનાથ જિનાલય પંચાન્હિકા મહોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી

**તા. ૨૬-૨-૨૦૨૪ થી તા. ૦૧-૩-૨૦૨૪** દરમિયાન અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગસૂરીશ્વરજી મ.સા.** તથા મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં લગભગ ૬૦૦ થી વધુ શ્રાવક-શ્રાવિકાઓના સથવારે શ્રી નવકાર મંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને શ્રી મેઘ નંદુ** ના વિધિ વિધાનના સથવારે પંચાન્હિકા મહામહોત્સવ ઉજવાયો.











If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**